॥ ૐ શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ સદ્‌ગુરૂભ્યો નમઃ ॥

ૐ

# ॥ વેદ રહસ્ય ॥




## શ્રી માધવાનંદ આશ્રમ

**મું. વસ્તડી તા. વઢવાણ જિ. સુરેન્દ્રનગર**

**પ.પૂ.સ્વામી શ્રી માધવાનંદજી મહારાજ શ્રીની જન્મભૂમિ**

વર્ષ ૩૭ સંવત ૨૦૭૧ નીજ અષાઢ, ઓગસ્ટ – ૨૦૧૫, અંક – ૮

પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાંતાચાર્યશ્રી શિષ્યોને આપતા આશીર્વાદ



પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર
સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ

બ્રહ્મલીન સદ્‌ગુરુદેવ શ્રી

પ.પૂ. મહંત
સ્વામી શ્રી પ્રકાશાનંદ ગિરિજી મહારાજ

## સંપર્ક : ગોરધનભાઈ – મો. ૯૮૯૮૩ ૨૨૬૫૦

# વેદ રહસ્ય



સંસ્થાપક : મહામંડલેશ્વર સ્વામી
શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય
વર્ષ: ૩૭ / ઓગસ્ટ-૨૦૧૫ / અંક-૮

## અનુક્રમણિકા


૪ કઠોપનિષદ્
કૃષ્ણા જી. સવાણી (નવા નાવડા)

૮ શ્રી શિવમહિમ્નઃ સ્તોત્રમ્
કૃષ્ણા જી. સવાણી (નવા નાવડા)

૯ સત્સંગથી શું લાભ ?
રેખાબેન આર. મૈયાણી (ભાવનગર)

૧૧ માનવ જીવન દર્શન
રજુ. સેવક

૧૩ શ્રાવણ માસ
રણછોડભાઈ ઘનજીભાઈ સાંસપરા (અઘેવાડા)

૧૪ સુખની ઈચ્છા
પટેલ દેવીકાબેન જે. (ઓઝરાળા)

૧૫ વંદન અને નંદન
શર્મિષ્ટા ડી. કોશિયા (ભાંભણ)

૧૬ અક્ષરં બ્રહ્મ પરમમ્
ઘનશ્યામ એલ. સવાણી (નાવડા)

૧૮ પરમાત્માને પંથે
હંસાબેન બી. સુરત (ચોગઠ)

૧૯ કીર્તન
રજુ. સેવક

૨૦ સત્સંગ સમાચાર
સંકલિત

૨૧ સત્સંગ સમાચાર
સંકલિત

૨૨ સત્સંગ સમાચાર
સંકલિત


જય સચ્ચિદાનંદ
ૐ

## चर्पटपञ्जरिकास्तोत्रम्

*ભજ ગોવિન્દં ભજ ગોવિન્દં ગોવિન્દં ભજ મુઢમતે ।*
*પ્રાપ્તે સન્નિહિતે મરણે નહિ નહિ રક્ષતિ ડુકૃગ્ કરણે ॥*
*દિનમપિ રજની સાયં પ્રાતઃ શિશિરવસન્તૌ પુનરાયાતઃ ।*
*કાલઃ ક્રીડતિ ગચ્છત્યાયુસ્તદપિ ન મુંચત્યાશાવાયુઃ ॥૧॥*

### ભાવાર્થ

દિવસ અને રાત, સાયંકાળ અને પ્રાતઃકાળ, શિશિર અને વસંત ફરી ફરીને આવે છે. આ રીતે કાળની લીલા ચાલતી રહે છે અને આયુષ્ય પૂરું થઈ જાય છે, પરંતુ આશારૂપી વાયુ છૂટતો જ નથી; તેથી હે મૂઢ ! નિરંતર ગોવિંદને જ ભજ, કારણ કે મૃત્યુ નજીક આવતાં 'ડુકૃગ્ કરણે' ગોખવાથી રક્ષા નહિ થાય.

**: માધવ પીઠાધિપતિ :**
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી
શ્રી જગદીશાનંદ સાગરજી
મહારાજ વેદન્તાચાર્ય''

**: મુદ્રણ સ્થાન :**
પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક, વરાછા,
સુરત-૩૯૫ ૦૦૬.

**: પ્રકાશક (Publisher) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

**: સંપાદક (Editor) :**
શ્રી દેવરાજભાઈ વાલજીભાઈ વઘાસિયા

**: મુદ્રક :**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા

## વેદ રહસ્ય

વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૩૬ વર્ષ જુનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.

લવાજમ તથા લેખો માટે પત્રવ્યવહાર :
**મુખ્ય કાર્યાલય**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**''વેદ રહસ્ય કાર્યાલય''**
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર-૧,
કતારગામ રોડ, સુરત-૩૯૫ ૦૦૪.
ફોન નં.:- (૦૨૬૧) ૨૫૩૪૬૧૦

| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | – |
| સહાયક | ૩૦૦૦ | – |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

સંકલન કર્ત્રી :- કૃષ્ણા જી. સવાણી
(નવા નાવડા)


**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય દ્વારા મહાકુંભપર્વ-નાસિક-૧૯૯૧ માં ચાતુર્માસ દરમ્યાન કરેલ પ્રવચનામૃત**



**ગતાંકથી ચાલુ....**

એટલે વેદો એમ કહે છે કે જે લોકો શ્રેયને છોડીને પ્રેય તરફ દોડે છે એ મંદ બુદ્ધિના છે. કઈ બુદ્ધિના ? બોલો ? મંદ બુદ્ધિના. જો તમે સમજતા હોવ તો વહેવાર ન કરવો. પણ વહેવાર તમારે પરમાર્થને મુખ્ય રાખીને કરવો. શું રાખીને કરવો ? બોલો ? મુખ્ય એટલે શું ? કે એકડાની પાછળ મીંડા રાખવા કંઈ વાંધો નહીં પણ એકડાં વગરના મીંડા લે લે કરશો તો શું કહેવાશો ? બોલો. એટલે પરમાત્મા રાખીએ તો પરમાત્માની છાયા તો હારે આવવાની છે છે ને છે. એમ પ્રભુ પરાયણ થઈને પ્રભુ પરાયણ થવામાં જે જે પદાર્થોની જરૂર પડે પુત્ર, ધન, મકાન મેળવવા પણ પુત્ર, પત્ની માટે ભક્તિ કરવા લાગી જવું પુત્રને માટે વેપાર તો કર્યો પણ હારે ભક્તિ પાછી એના માટે કરવા..... તો વહેવારમાં તો જેટલા કલાક કાઢયાને પછી ભક્તિ બે ચાર કલાક કરી એ શેને માટે કરી ? બોલા.... (વેપાર માટે) એનું નામ મંદ બુદ્ધિના. એનું નામ શું કહેવાય ? બોલો. મંદ બુદ્ધિના. ભગવાન મળ્યા હોય તોય ન લે અને શું માંગે ? કે મને પુત્ર આપો. ગુરુ સાક્ષાત્ ભગવાન હોય એને છોડીને જીવો શું લેવા જાય ? બોલો. પુત્ર, પત્ની, ધનની આશામાં....એટલા માટે-

**પ્રભુ છોડી પૈસામાં ધાયો,**
**દુનિયામાં કહેવાયો ડાહ્યો.**

તો દુનિયામાં ડાહ્યો કહેવાય અને એટલે જ લોકો દોડે છે. દોડે એનું કારણ શું છે ? બોલો દુનિયામાં ડાહ્યો કહેવાય છે.

**''अन्धेनैव नीयमाना यथाऽन्धाः ॥''**

એ આગળના મંત્રમાં આવશે અત્યારથી તમને જાગ્રત કરું છું. ધ્યાનથી યાદ રાખો બધા લોકો કરે છે એટલે આ જીવો કરે છે દેખા દેખીથી, જાણીને કરતાં નથી કેમ કે લોકો જો સારો કહેવાનો બંધ કરી દેને તો હમણે લોકો બંધ કરી દે. પણ લોકો તો એને જ સારો કહે છે એટલે લોકો બાજુ તણાતા જાય છે. પણ લોકો સારો કહેવાથી તમને શું મળે છે ? એ પેલા નક્કી કરો. એટલા માટે બતાવ્યું છે કે-

**અભિમાનં સુરાપાનં, ગૌરવં રૌરવં સમમ્ ।**
**પ્રતિષ્ઠા સૂકરીવિષ્ઠા, ત્રયં ત્યક્ત્વા હરિંભજેત્ ॥**

જગતની જે પ્રતિષ્ઠા છેને એ જ ઘોર રૌરવમાં..... કેમ કે જગતમાં મોટુ થવા માટે જગતના પદાર્થો ઈ ભેગા કરે છે. પણ જગતની મોટા ઈ રહે કયાં સુધી ? બોલો. રાજીવ ગાંધીનું કયાં સુધી રહ્યું ? બહું મોટાઈ બધી મોટપ પણ રહી કયાં સુધી ?

**ચાર દિવસની ચાંદની ફિર અંધેરી રાત,**

એટલે

**मान्धाताः स महीपतिः क्षितितलेऽलंङ्कार्भूतोऽपि गतः**
**सेतुर्येन महोदधौ विरचितः क्वासौ दशास्यान्तकः ।**
**अन्ये चापि युधिष्ठिर प्रभ्रुतयः यातादिवं भूपते**
**नैकेनापि समं गता वसुमति मुंज त्वया यास्यति ॥**

એક ભોજ રાજાનું દ્રષ્ટાંત આવે છે એમાં બતાવ્યું છે કે એકવાર ભોજ રાજા જયારે નાના હતા ત્યારે બહું હોશીયાર હતા અને એના કાકા મુંજ જે હતા એ ગાદીએ બેઠેલા હતા. ભોજ રાજા ભણીને હોશીયાર થયા એટલે એને મનમાં એમ થયું કે આ

રાજ લઈ લેશે એટલે એણે (મુંજે) પાંચ મારાઓને એને (ભોજ રાજાને) મારવા માટે જંગલમાં મોકલ્યા. જ્યારે મારાઓને પણ મારવાનું મન ન થયું કે આવા સારા રાજાને મારીને આપણે પ્રજાને દુઃખી કરીશું આપણા પેટ માટે કાંય આવું પાપ કરવું જરૂરી નથી. એટલે એણે કહ્યું કે અમને તમારી ઉપર દયા આવે છે અમારે તમને મારવા નથી પણ ઉપાય શું કરવો ? તમારે કંઈ જણાવવું હોય તો જણાવો. એટલે એણે આ ચીઠ્ઠી લખીને મોકલી એમાં લખ્યું કે માંધાતા જેવા મરી ગયા રાવણ પણ મરી ગયો, રાજા પણ ચાલ્યા ગયા યુધિષ્ઠિર પણ ચાલ્યા ગયા એ મોટા મોટા રાજાઓ, કોઈની હારે પૃથ્વી ગઈ નહીં, હે કાકા મુંજ, તમારી હારે આ પૃથ્વી આવશે. એ પત્ર લખીને મોકલ્યો. પેલા મારાઓએ શું કર્યુ ? એક જે વધારાની આંગળી હતીને એ કાપી નાખી અને લોહીવાળા કપડા કરીને કપડા લઈ જઈને કહ્યું કે અમે મારી નાખ્યા. એમ કહીને એણે ચિઠ્ઠિ આપી. પેલી ચિઠ્ઠિ વાંચીને એટલે તરત મુંજની આંખો ખુલ્લી ગઈ કે આ પૃથ્વીને માટે મેં આવા પાપ કર્યા ઘરમાં સારામાં સારો છોકરો હોશીયાર પોતાનો હોય કે ભાઈનો હોય, એમાં શું ફેર પડે ? પોતાનો હોય એ કાંય સ્વર્ગે સીધો લઈ જતો નથી. આ (રાજા ભોજ) રાજ સંભાળત તો હું શાંતિથી ભગવાનનું ભજન કરત. પણ મેં આવું પાપ કરાવ્યું મારવાનું એટલે એણે કહ્યું હવે શું કરવું ? કેમ બચાવવો શું કરવું ? ત્યારે પેલા જે પડખે બેઠા એ કહેવા લાગ્યા કે હજી કાંય ગયું નથી તમે જો અમને માફી કરી દ્યો તો અમે એને લઈને પાછા આવીએ ત્યારે ભોજ રાજા પાછા આવ્યા અને મુંજ એ રાજપાટ છોડીને ભગવાનનું ભજન કરવા ચાલ્યો ગયો.

આ શ્લોકનો અભિપ્રાય છે કે મોટા મોટા રાજાઓએ પણ સંસારના ભોગો કોઈની હારે જતાં નથી. બધા લોકો ખાલી હાથે આવ્ય છે ને ખાલી હાથે ચાલ્યા જાય. એટલા માટે પ્રેય પદાર્થોમાં ઝાઝો મોહ રાખવા વાળાને છેવટે પસ્તાવું પડે છે. જ્યારે ભગવાનમાં રહેવા વાળાને એ કોઈ દિ' પસ્તાવું પડતું નથી એ બે માંથી જેને જે ગમે એ લેજો. કોઈને આગ્રહ નથી વિવેક છે શું છે ? બોલો. વિવેક. એટલે શ્રુતિએ કહ્યું છે પણ એના માટે કરવું એ પડશે-

**श्रेयो हि धीरोऽभि प्रेयसो वृणीते**

કે શ્રેયને જો વરણ કરવું હોયને તો ધીર બનવું પડશે. શું બનવું પડશે ? બોલો ?

**''હમસબ બને સત્ય વ્રતધારી,**
**શમ દમ શૌર્ય ધેર્ય ગુણકારી;**
**હોવે અર્જુન ભિષ્મ સમાન,**
**કરદો જીવન કા કલ્યાણ;''**
**''પ્રભુનો મારગ છે શૂરાનો,**
**નહીં કાયરનું કામ જોને;**
**પ્રથમ પહેલું મસ્તક મુકી,**
**વળતી લેવું નામ જોને;**
**સુત વિત્ત દારા શિશ સમરપે,**
**તે પામે રસ પીવા જોને;**
**સાગર મધ્યે મોતી લેવા,**
**માંહિ પડચા મરજીવા જોને;**
**તીરે ઊભા જુએ તમાસા,**
**તે કોડી નવ પામે જોને;**
**પ્રેમપંથ પાવકની જ્વાલા;**
**ભાળી પાછા ભાગે જોને;**
**માંહિં પડચા તે મહાસુખ માણે,**
**દેખનારા દાઝે જોને.''**

તો સાગર ભાગ, એટલા માટે ઉપનિષદો બતાવે છે કે સારું છે એ પેલા સમજવું પછી સારું લેવાને યોગ્ય થવું. સારું છે એ સમજે જ નહીં તો યોગ્ય હોય તોય લઈ શકતા નથી. એટલે પેલો સિદ્ધાંત તો તમારે વિવેકી થવું કે સારું શું ને મોળું શું ? તો પરમાત્મા પૂર્ણ હોવાથી સારા છે અને વિષયો અધુરા હોવાથી નાશવાળા હોવાથી જન્મ-મરણના દુઃખ દેવાવાળા હોવાથી તાત્કાલીક સારા હોવા છતાં આગળ પાછળ દુઃખ દેવાવાળા છે. એટલા માટે અધુરા છે. રાગ-દ્વેષ કરાવે છે. ઈર્ષા-અદેખાઈ કરાવે છે. દુનિયાના જેટલા પાપો થાય છેને એ શેને લઈને થાય છે ? બોલો ? કયાં સુખને લઈને ? વિષયને માટે થાય એટલે પ્યારા પદાર્થો જે દુનિયાના માન્યા છે એને લઈને છળ થાય કપટ થાય દગા થાય યુદ્ધ થાય મારા મારીઓ થાય જે કંઈ પાપ થાય એ પ્રેય પદાર્થોને લઈને થાય છે. તો તમે કહો કે ભજનમાં કે સંતોમાં થાય તો સંતોમાં પણ પ્રેય પદાર્થોને લઈને થાય છે. ભગવાનને લઈને કયાંય ઝઘડાં કરવા પડતા નથી. સાધુમાં થાય એ શેને લઈને થાય ? બોલો. એ શરીરને લઈને સંસારમાં મારામારી હું મોટો થઈ જાવ પેલો મોટો થઈ જાય ને આ નાનો.... ને આર્થિક માન-સન્માનને માટે થાય છે. સંતોમાં થાય કે વહેવારમાં થાય કંઈપણ થાય. પણ જે કંઈ શાંતિ છે એ કોને લઈને છે ? બોલો ? ગૃહસ્થાશ્રમમાં હોય કે સન્યાસમાં હોય જે આત્મચિંતનમાં છે બ્રહ્મચિંતનમાં છે એને

શાંતિ છે ને બીજાને શાંતિ લેવા દે છે અને જે પ્રેય પદાર્થોમાં ફસાયેલા પોતે ભટકે છે અને બીજાને ભટકાવે છે. સમજાણું ? બોલો પોતે ભટકે ને બીજાને ભટકાવે. એટલા માટે જેટલા પ્યારા પદાર્થો જગતના ભૌતિક પદાર્થો છે એ પેલા તો સુખ આપશે. પણ પાછળથી દુઃખ આપશે.

હવે, પરમાત્માનો લાભ લેવો જ હોય તો ધીર બનવું જોઈએ. શું બનવું જોઈએ ? બોલો. ધીર, શું કામ બનવું જોઈશે ? એને માટે પણ ઉપાય તમને બતાવ્યો લાખો લોકો વિષયમાં ભટકે છે અને એ તરફ મન તમારું અનાદિ કાળનું ગયેલું છે તો એને છોડવું પડશે. તો ભગવાન લેવા અઘરા નથી પણ વિષયો છોડવા શું છે ? બોલો. અઘરા છે એટલે કહ્યું કે -

**दुर्लभो विषयत्यागो दुर्लभं तत्त्वदर्शनम् ।**
**दुर्लभा सहजावस्था सद्‌गुरोः करुणांविना ॥**

કે જયાં સુધી ગુરુની કરુણા ન થાય ગુરુની કૃપા નો થાય ત્યાં સુધી **'दुर्लभ विषयत्यागो'** પેલામાં પેલા વિષયનો ત્યાગ કરવો એ દુર્લભ છે એટલે શુરવીર થવું પડે ધીર, વીર, ગંભીર થવું પડે વીર હોયને એ માથું મુકવા તૈયાર થાય ભલે મરી જવાય પણ મારે તો યુદ્ધ કરવું જ છે એમ અહીં મને ભલે ભૂખ લાગે ભલે તરસ લાગે ભલે હું હલકો કહેવાવ ભલે દુનિયા મારી નિંદા કરે પણ મારે તો ભક્તિ કરવી જ છે. મારે આત્મ કલ્યાણ કરવું જ છે. એવી હિંમત હોવી જોઈએ. એટલે ધીરનું લક્ષણ ભર્તૃહરી રાજાએ લખ્યું -

**निन्दन्तु नीति निपुणा यदि वा स्तुवन्तु**
**लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टम् ।**
**अद्यैव वा मरणमस्तु युगान्तरे वा**
**न्याप्यात्पथः प्रविचलन्ति पदं न धीराः ॥**

ભર્તૃહરિ નીતિશતક

નીતિજ્ઞજન નિન્દ કરેં અથવા સ્તુતિ અથવા જહાઁ ચાહે ચલી જાય તથા મૃત્યુ આજ હી હો જાય અથવા યુગાન્તરમેં ધીર પુરુષ ન્યાયપથસે એક પગ ભી પીછે નહીં હટતે.

કે ન્યાય માર્ગથી જે ચલિક કે પાછા નો પડે એનું નામ ધીર કહેવાય. હવે, તમને વિવેક થયો ? કોણ સારું ? એમ પરમાત્મા લેવા એ ન્યાય છે કેમ કે પોતાના છે ને સાચા છે અને પરમાત્મા સિવાય બીજું બધું લેવું એ કાચું છે ને ખોટું છે ને પારકું પણ છે. કેમ કે પોતાનું નથી એટલે જ પારકું લેવા દોડવું પડે છે ને પરમાત્મા તો પોતાના હંમેશા છે છે ને છે તો આ રીતે ન્યાય પણ છે. સત્યને છોડીને જે અસત્યને લે છે અમરને છોડીને મરવાવાળું લે છે પૂર્ણ છોડીને અપૂર્ણ લે છે. તો સારે માર્ગેથી કયે માર્ગે ગયેલો કહેવાય છે ? જે ધીર હોય એ ન્યાય માર્ગ છોડે નહીં. હવે, ન્યાય માર્ગ છોડવામાં શું શું નડતું હોય ? તો કે પૈસાના આધારે કે ભય પૈસા મળતા હોય તો લાવોને જે માર્ગ હોય એ, એમાં શું ? પૈસા લઈ લ્યોને આપડે ગમે ઈ રીતે હોય, હવે, ગમે તે ખાઈને જીવવાનું કહે છે દારૂથી જીવાય તો દારૂથી જીવોને અંડાથી જીવાય તો.... એ માર્ગથી જીવોને તો એ શું છે ? બોલો. ન્યાય માર્ગ છોડીને અન્યાયને માર્ગે એમ ભોગો વિષયો ગમે તે ભોગોને માટે ગમે તે રીતે લ્યોને પણ પછી ક્યાં નરકમાં જશે એની જીવને ખબર પડતી નથી. તો અજ્ઞાનની દશાની અંદર આ જીવને ખોટે રસ્તેથી જીવો ઊંધે રસ્તે ચાલે એ છે કાયર જીવો. એ નબળા જીવો છે. જે ધીર, વીર, ગંભીર હોય એ **'નિંદન્તિ નીતિ નિપુણા'** કે ગમે એટલા નીતિમાં નિપુણ થયેલા હોય કોઈ નિંદા કરે કે સ્તુતિ કરે કે સ્તુતિ કરે લક્ષ્મી આવે કે ભલે ના આવે મરણ હોય મરી જવાય કે જીવાય પણ મારે તો ન્યાય માર્ગે જ જાવું છે. એવી જેને દ્રઢ ઈચ્છા હોય એનું નામ ધીર પુરુષ કહેવાય.

બીજું ધીર પુરુષનું લક્ષણ લખ્યું -

**कान्ता कटाक्ष विशिखा न भुनन्ति यस्य**
**चिंत न निर्दहति कोप कृशानु तापः ।**
**कर्षन्ति भूरि विषया भूति विषयास्व लोभपाशैः**
**कृत्स्नमिदं त्रयं ज्यति कृषमिद स धीरः ॥**

ભ.ની.શ.શ્લોક ૧૦૮

કે જેને કાન્તાના કટાક્ષો મોહમાં ન નાખતા હોય અને જે બ્રહ્માનંદ લેવાની જેને ઈચ્છા હોય કે જે પૂર્ણ આનંદ છે. આ શરીરમાં તો હાડકા ચામડા મળ-મૂત્ર ભરેલા છે. જે બ્રહ્મ અખંડ છે અમર છે શાશ્વત છે એનો આનંદ છોડીને આ હાડકા, ચામડા, મળ-મૂત્રમાં મારે પડવાની શી જરૂર છે ? એવી જેને સમજણ હોય મન એમાં જેનું ન ભટકતું હોય અને અંદર ક્રોધ જેને ન આવતો હોય જે મનમાં ક્રોધી ન થતો હોય કેમ કે મારું બગડે છે શું આ દુનિયામાં ? હું તો અખંડ છું અમર છું મારું કંઈ આવતું નથી ને કંઈ જતું નથી અને બધામાં બ્રહ્મ ભર્યા છે તો કોની સાથે ક્રોધ કરવો ? એટલે જેના હૃદયની અંદર ક્રોધ ન થાય.

**ચિંત ન....**

જેના ચિત્તને ક્રોધ ન ચડતો હોય અને

**કર્ષન્તિ ભૂરી વિષયાશન લોભ પાશે**

કે બહુ વિષય જેમ તમે નચિકેતાનું સાંભળ્યુંને કે એને સ્વર્ગ દેવાનું કહ્યું. ઈમા, રમા, સરથા, સતૂર્યા એને કહ્યું કે, હું તને હાથી આપું ઘોડા આપું, અપ્સરાઓ આપું અનેક પ્રકારનું આયુષ્ય આપું બધુંય કીધું છતાં એનું મન એમાં લોભાયમાન ન થયું. નકર મળતું હોય તો શું કરો ? બોલો ? લઈ લ્યો કે બીજીવાર આત્મજ્ઞાન માંગશું. હમણે શું ઉતાવળ છે ? પેલા આ લઈ લ્યોને પછી એ... પણ એણે કહ્યું કે પેલા આ લેવા રહેશોને તો આમા ગયાને પછી પતી ગયા ત્યાં આયુષ્ય ખતમ થઈ જશે અને આમાં ને આમાં જીવન વયું જશે તો પેલું કરવાનું રહી જશે. એટલા માટે નચિકેતાએ છોડયું નહીં તો -

**कर्षन्ति भूरी विषया शन लोभ पाशे**

કે લોભનું પાશ વિષયના લોભ શબ્દ, સ્પર્શ, રૂપ, રસને ગંધ આ વિષયોનો લોભ જેને સતાવે નય તો-

**લોકત્રયં જયતિ કૃત્સ્નમિદં ચ ધીરાઃ ।**

કે ત્રણને કામને, ક્રોધને લોભને જે જીતી શકે એ ધીર પુરુષ કહેવાય એટલે જ કામી ન હોય ક્રોધી ન હોય, લોભી ન હોય એ આત્માના કલ્યાણને રસ્તે ચાલી શકે. ગીતાના સોળમાં અધ્યાયમાં ભગવાને કહ્યું કે -

**ત્રિવિધં નરકસ્યેદં દ્વારં નાશનમાત્મનઃ**
**કામઃ ક્રોધસ્તથા લોભસ્તમાદેતત્રયં ત્યજેત્**
**એતૈર્વિમુક્તઃ કૌન્તેય, તમોદ્વારૈસ્ત્રિભિર્નરઃ**
**આચરત્યાત્મનઃ શ્રેયસ્તતો યાતિ પરાં ગતિમ્.**

કે કામ, ક્રોધ, લોભએ નરકના દ્વાર છે અને જે લોકો કામ, ક્રોધ, લોભને જીતે છે એ જ આત્માના કલ્યાણનું આચરણ કરી શકે છે. કોણ કરી શકે ? બોલો. લેવું હોય બધાને પરમાત્મા પણ બધા લોકો લઈ શકશે નહીં. જેનામાં ધીર વીર ગંભીરતા હોય એ લઈ શકે બીજા જીવો તો હાથમાં આમનામ આવેલ વસ્તુ છોડીને બીકના માર્યા ભાગી જાય. શેના માર્યા ? બોલો. બીક સમજો છોને ! ઘણાં આ સમજવાનું હોય ત્યારે બીવા લાગે. આપણો આ ગ્રહસ્થાશ્રમ છુટી જશે કે આપણો વહેવાર છૂટી જશે. એમ બીકણશી હોયને એવું અહીં કામ નહીં કે જે -

**પ્રથમ પહેલું મસ્તક મુકી,વળતી લેવું નામ જોને**
**સુત વિત દારા શીશ સમરપે,તે પામે રસ પીવા જોને.**

કયો રસ ? બોલો ? બ્રહ્મરસ. બ્રહ્મરસ એ પીય શકે બ્રહ્માનંદ એ લઈ શકે જે સંસારના ભોગોની ઉપેક્ષા કરવા તૈયાર હોય. તમારે અહીંથી કોઈ બીજા શહેરમાં જવું હોય તો ઘર શું કરવું પડે ? બોલો. છોડવું પડે. જેમ તમે અહીં આવ્યા તો ઘર છોડયું હિંમત કરીને અહીં સુધી આવી શકયા. એમ તમારે બ્રહ્માનંદમાં રહેવું હોય તો વિષયાનંદ છોડવા શું થાવું જોઈએ ? બોલો. તૈયાર થવું જોઈએ પછી એમ કે'કે મારું આ છૂટી જાય ને મારુ તે છુટી જાય ને મારે આદત પડેલી છે ને મારે બીડી વગર નો હાલે ને કોઈ કહે મારે બીડી વગર ઝાડો જ સાફ થાય નય. એમ ઘણાં એમ કહે કે મારે વહેવાર વગર તો હાલે જ નહિ તો મરશે ત્યારે શું થશે ? બોલો. મરશે ત્યારે કોણ કોણ હારે આવશે ? બધું અહીં ને અહીં પડયું રહેશે. એ વખતે બંગલો, ગાડી કે વાડી, લાડી કોઈ હારે આવવાનું નથી. બધું અહીં ને અહીં જ પડયું રહેવાનું છે.

**''જગનું બધું જગમાં રહી જાશે,**
**આખર થાશે ફજેતાઈ...**
**ભજમન પ્રભુ પરમ સુખદાઈ**
**મેલીને માન બડાઈ (૨)**
**ભજમન પ્રભુ પરમ સુખદાઈ**
**પાપને પૈસામાં શું મચી રહ્યો છે,**
**છોડી દે પ્રપંચ પટલાઈ,**
**પરમ પ્રેમથી પ્રભુને ભજીલે,**
**કર પર ઉપકાર સદાઈ, ભજમન...**
**ભજમન પ્રભુ પરમ સુખદાઈ.....''**

તો ધીર પુરુષ શ્રેયનો માર્ગ ગ્રહણ કરે છે અને મંદ બુદ્ધિના જીવો પ્રેયનો માર્ગ ગ્રહણ કરે છે. યાદ આવ્યું ? બોલો ? હવે, તમારે મેળે સમજવું જોઈએ કે પ્રેયમાં પડયા એ કઈ બુદ્ધિના કહેવાય ? એ તમને યુક્તિ યાદ રહીને ? બોલો. કે જે હોય એને નો લે ને નો હોય એને.... કેમ કે નો હોય એને લેવાય, મેળવવું પડે અને મળ્યા પછી એને સાચવવું ય પડે. કેમ કે ખોટું હોય એટલે સાચવવું પડેને સાચું હોય તો સાચવવું પડે ? તમારે સાચા મિત્રને ન સાચવો તોય એની મેળાયે આવીને ઊભો રે અને ખોટો હોય એને શું કરવું પડે ? બોલો ? બોલાય બોલાય કરોને તોય ખરું કામ આવેને ત્યારે વયો જાય કેમ કે ખોટો એનું નામ જ કહેવાય કે ખરે ટાઈમે કામમાં આવે નહીં.

એમ આ મરણ વખતે કોણ કોણ સગા કામમાં આવશે ? બોલો. કયાં બંગલાને કયા કપડા કામમાં આવશે એટલે આ બધા એટલે ખોટા છે કે તમને જીવતા તો તમને અત્યારે સામે સામે આવશે. પણ મર્યા પછી કોઈ સાથ દેવાનું નથી.

**ક્રમશ...**

કૃષ્ણા જી. સવાણી
નાવડા

॥ જય સચ્ચિદાનંદ ॥

**ગતાંકથી ચાલુ....**

એટલે મારું સમર્થન તો શાસ્ત્રવિધિનું છે. શાસ્ત્રવિધિ આપણી આવી છે એટલે આપણને લાગે બહારથી દાન પણ એ દાન નથી. સાંભળવામાં સારું લાગે કે બીજાને માટે કામમાં આવે છે. પણ આપણે બીજાને માટે કામમાં આવવું હોયને તો જીવતા કામમાં આવવું જોઈએ. જીવતા છે એની માટે ધન સંપત્તિ આપોને. તો કે ના, એ તો અમે કેમ આપી શકીએ, તો જે લાભદાયી છે જે શાસ્ત્રમાં કરવા યોગ્ય જરૂર છે એ આપણે નથી કરવું અને જે નથી કીધું ને એ આપણે કરવું છે. એને કહેવામાં આવે છે હતધિયઃ એ વ્યક્તિ કરે ને બીજો ને ત્રીજો. સુરતમાં ચાલે છે. બીજે કયાંય નહીં. સુરતવાળા જ મહાદાની છે. જે આવું બધું દાન કરે છે પ્રત્યક્ષ છે શાસ્ત્ર. એટલા માટે કહ્યું બહારથી સારું લાગેને એવા લોકોનું કયાંય કલ્યાણ નથી કે 'હતધિય' જે આવી વાત બોલેને તો સામાન્ય લોકો મોહિત થઈ જાય. એક વિદ્વાનની વાત છે એ નહીં માને પણ એક મુર્ખની વાતને ૯૯૯ વ્યક્તિ માની લેશે. જયોતિષ કહે કે તમને ગ્રહ નડે છે તો કોઈ પણ તર્ક કરવા ઊભું નથી રહેતું કે આ ગ્રહ શું છે ને આ નડતર શું છે ? જયોતિષ એમ કહેને કે તમને ગ્રહ નડે છે તો તરત જ પેલો ઢીલો પડી જશે અને કહેશે કે હવે શું કરવું ? એટલે જયોતિષ એની ચોટલી પકડી લે અને પછી જયોતિષ નડવા માંડે અને સોનીય નડવા લાગે. પેલા તો એકલો જયોતિષ નડતો, પછી શું નડે ? તો કે સોની નડે, કેમ કે એની દુકાને જવું પડે. ભુવો એમ કહે કે તમને વળગ્યું છે તો તરત આપણે ઢીલા પડી જઈએ આપણે જરાય ન પૂછીએ કે આ વળગાડ શું છે ? કેમ વળગે ? આ શું હોય છે ? અને તરત કહેશે કે એની વિધિ શું કરવી પડશે ? તો પેલો સમજી જાય કે હવે આની ચોટલી હાથમાં આવી ગઈ. પેલો કહે, મને ૧૦,૦૦૦ રૂા. આપો. ઓલો હળવેથી બોલે, હો અને આ પછી આટલો અધીરો થઈ જાય કે કયારે હું ૧૦,૦૦૦ રૂપિયા આપું અને આને પકડાવી દઉં ને મારી વિધિ થઈ જાય અને મારી નડતર દૂર થઈ જાય. વૈદ્યની પાસે જાય તો ? ...વૈદ્ય કહેશે કે કાંઈ નહીં, વાત, પિત અને કફની અંદર વૈષમ્ય થઈ ગયું છે એટલે એનું સંતુલન થઈ જાય તો તમને સારું થઈ જાય. હવે એ દવા દે અને સારું થઈ જાય.

**''યત્ પૂર્વ વિધિન લલાટલિખિતં**
**તન્માજિર્તું કઃ ક્ષમઃ ।''**

'વિધિએ જે લલાટમાં લખેલું છે એનું કોઈ પરિમાર્જન કરી શકતુ નથી. જે કંઈ છે ને એ રહે જ છે.'

એ વિધિએ લખેલું છે કે ઘુવડને દિવસે નથી દેખાતું. તો એ ચાહે ગમે એટલી દવા કરેને તોય એને કાંઈ દેખાય નહીં અને આપણને અંધારામાં ન દેખાય તો આપણે ગમે એટલી દવા કરીએને તોય આપણને અંધારામાં ન દેખાય. આપણે તો પ્રકાશ જ જોઈએ. કેવડાને વસંત ઋતુમાં પાંદડા ન આવે તો ગમે એટલું એની અંદર ખાતર અને એની અંદર યુરિયા ખાતર નાખવામાં આવે તો કેવડાને પાંદડા ન જ આવે એ વિધિ દ્વારા લિખિત છે. ચાતક છે એ ગમે એટલો વરસાદ વરસતો હોય પણ એના મુખમાં જો વરસાદની બુંદ ન પડેને તો એ ગમે એટલી દવા કરે તો એ કંઈ પડવા લાગે નહીં વિધિના લલાટ લીખીત છે. આપણે એ નથી માનતા પણ આવા લેભાગુ લોકો છે. એ આપણને સમજાવી જાય છે. કેમ ?...આપણી પાસે પોતાની બુદ્ધિ નથી. એટલે આવા લોકો ભ્રમમાં નાખવાવાળા છે જેની બુદ્ધિ મારી ગઈ છે અને એનો બકવાદ છે એ સમાજમાં ચાલતો રહે છે. બકવાદ એટલે ખબર પડી ?....જેનો કોઈ આધાર નથી. ખરેખર, અંધશ્રદ્ધા છે ને આને કહેવાય, આપણે લોકો અંધશ્રદ્ધાનો ઉલટો અર્થ કરીએ છીએ. અંધશ્રદ્ધા એટલે એવી શ્રદ્ધા, અંધ એટલે જે દેખાતી નથી અને એમાં કોઈ પ્રામાણ્ય નથી. પ્રામાણ્ય રહિત શ્રદ્ધાને કહેવામાં આવે એને અંધ શ્રધ્ધા અને જેમાં પ્રામાણ્ય હોયને એને અંધશ્રધ્ધા ન કહેવામાં આવે એને તો દેખાતી પ્રામાણિક શ્રદ્ધા કહેવામાં આવે. 'આત્મા છે' એ માનો કે પ્રામાણિક શ્રદ્ધા છે. અંધ શ્રદ્ધાનો લોકો ઉલટો અર્થ કરે, જે લોકો કોઈ ધાર્મિક હોય તો કે એ તો અંધ શ્રદ્ધાળુ છે અને પ્રમાણ રહિત કામ કરે છે તો, એ અંધશ્રદ્ધા નથી ? અંધશ્રદ્ધા એટલે નિરાધાર શ્રદ્ધા હોય. એટલે જે બકવાદી થઈ જાય છે એને કહે છે હે **'ખલુ અયં અનવસ દુસ્તઃ'**

**સમાપ્ત...**

# સત્સંગથી શું લાભ ?

રેખાબેન આર. મચાણી
(ભાવનગર)

॥ જય સચ્ચિદાનંદ ॥

પરમ આદરણીય પરમ કૃપાળુ પરમહંસ પરિવ્રાજકાચાર્ય ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ અનંત શ્રી વિભૂષિત મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજના ભાવનગર મૂકામે શ્રીમાધવાનંદ આશ્રમે કરેલ સત્સંગ કથા પ્રવચન....

સત્સંગથી શું લાભ છે ? તો કહે છે કે સત્સંગથી જે મળી શકે છે એ બીજાથી મળી શકતું નથી. કેમ કે આપણે મેળવવું છે એ શેના માટે મેળવવું છે શ્રીમદ્ ભાગવતમાં ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે કે હે ઉદ્ધવ જેટલું હું જીવને સત્સંગથી મળુ છુ એટલો હું સાધના, જપ, તપ કરવાથી જલ્દી મળતો નથી. વાવ ખોદાવવાથી તળાવ ખોદાવવાથી પરમાત્મા મળે એના કરતા જલ્દી સત્સંગથી મળે છે. વેદો કહે છે કે પરમાત્મા તો તમારા હૃદયમાં છે. પરમાત્મા સર્વત્ર છે. સર્વત્ર હોવાથી તમારા હૃદયમાં છે. જેમ આકાશ સર્વત્ર છે તેમ પરમાત્મા સર્વત્ર છે. એવી કોઈ જગ્યા નથી જયાં પરમાત્મા ન હોય. ભાગવતમાં અગિયારમાં સ્કંધમાં કહ્યું છે જે કાંઈ દેખાય છે બધુ જ પરમાત્મા સ્વરૂપ છે. જળ, વાયુ, આકાશ... બધે જ. નદી અને સાગરમાં પરમાત્મા રહેલા છે. શ્રીમદ્ ભગવત ગીતામાં ભગવાને કહ્યું આખું જગત મારાથી આચ્છાદીત થયેલું છે કે મને સર્વની અંદર જૂએ છે એના માટે એવી કોઈ જગ્યા નથી કે જયાં પરમાત્મા ન હોય. પણ આપણને પરમાત્મા દેખાતા નથી. કહે છે કે -

**'હરિ વ્યાપક સર્વત્ર સમાના,પ્રેમ સે હોઈ મજાના'**

એવો કોઈ કાળ કે દેશ નથી જયાં પરમાત્મા ન હોય. અહીંયા છે ત્યાં નથી એ કહેવું મોટું અજ્ઞાન છે. જો પરમાત્મા દેખાતા નથી એવું બોલીએ તો શ્રીકૃષ્ણે કહ્યું છે, “જે જે તેજસ્વી વસ્તુ પદાર્થ છે તે મારું સ્વરૂપ છે છતાં પણ ભગવાને મુખ્યરૂપે તેનું વર્ણન કર્યુ કે “હે અર્જૂન બધાના હૃદયમાં આત્મારૂપે હું રહેલો છું. અસુરોમાં પ્રહલાદ, મુનિઓમાં નારદમુની, વેદોમાં શબ્દરૂપે, વૃક્ષોમાં પીપળો હું છું.” કાળ પણ મારું સ્વરૂપ છે. જે કંઈ જગતની અંદર છે એ બધું મારું સ્વરૂપ જ છે. એક જ પાદમાં આખું વિશ્વ છે ત્રણ પાદ માયારહિત આનંદથી સુખથી ભરેલું છે. અમૃતના ભરેલા છે. જો માયાવાળા એક પાદમાં આપણને સુખ દેવાય છે. તો માયારહિત ત્રણ પાદમાં કેટલું સુખ ભર્યું હશે ! ભગવાન શંકરાચાર્યએ કહ્યું એક લેશ માત્ર આનંદથી આખુ વિશ્વ આનંદીત થઈ રહ્યું છે. જો એ લેશ માત્ર આનંદ શરીરમાંથી નીકળી જાય તો જે મિનિટ પહેલા આનંદ લેતું શરીર હતુ તે ત્યાગવા યોગ્ય (મડદુ) થઈ જાય. જીવ જતો રહે એટલે કાઢવાની (સ્મશાને લઈ જવાની) તૈયારી કરે છે. તો શરીરમાં રહેલું એ ચેતન તત્ત્વ, એ આનંદ, આત્મા તે ભગવાન છે શ્રીકૃષ્ણ ભગવાન કહે છે બધાના હૃદયની અંદર જે જીવ છે એ મારો અંશ છે. જેમ પાણીનો ઘડો છે તેમાંથી એક બિંદુ (બુંદ) ઓછું થાય તો શું થાય. કાંઈ ફરક પડે નહીં તેમ એક બિંદુ સ્વરૂપે ભગવાન અંશ રૂપે દરેકના શરીરમાં રહે છે. પણ આપણે શું માનીએ છીએ ? હું જુદો અને પરમાત્મા જુદા પણ હું અને પરમાત્મા એક જ છીએ એવું જ્ઞાન થાય તો **''અહં બ્રહ્માસ્મિ''** હું બ્રહ્મ સ્વરૂપ છું. એવો ભાવ થાય. અનુભવ થાય. અર્જુન શ્રીકૃષ્ણને કહે છે કે તમારું વિરાટ સ્વરૂપ બતાવો. મારે વિશ્વરૂપના દર્શન કરવા છે ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ કહે છે “તું મને જોઈ લે હું તારી સામે ઉભો છું” ત્યારે અર્જુન કહે છે દેખાતુ નથી. ત્યારે ભગવાન અર્જુનને કહે છે કે તું ચર્મચક્ષુથી જોવા ઈચ્છતો હોય તો તું મને જોઈ શકીશ નહીં. હું તને દિવ્ય ચક્ષુ પ્રદાન કરું છું એનાથી તું મને જોઈ શકીશ. પછી જયારે દિવ્યચક્ષુ વડે અર્જુને ભગવાનના વિરાટ દર્શન કર્યા ત્યારે ભયભીત થઈ ગયો અને કહ્યું કે આ બધુ સંકેલી લો. મને ક્ષમા કરો અને મારાથી તમારી સાથે બાળપણથી અત્યાર સુધીમાં સખા તરીકે રમતા-કરતા તું કારો કર્યો હોય, માન-અપમાન કર્યુ હોય, ભૂલથી કાંઈ ભૂલ થઈ હોય તો મને ક્ષમા કરો.

**''દિવ્ય ચક્ષુથી જ દિવ્યના દર્શન,**
**શ્રુતિઓ સાચી લાગી રે,**
**મળીયા સંત સોહાગી,**
**સહજ સમાધિ લાગી મળીયા સંત સોહાગી,**
**જ્ઞાનની જયોતિ જાગી મળીયા સંત સોહાગી.''**

જયાં સુધી જ્ઞાનરૂપી દ્રષ્ટિ પ્રાપ્ત ન થાય પણ જો એ દિવ્ય દ્રષ્ટિ પ્રાપ્તિ થઈ જાય તો સર્વે પરમાત્મા દેખાય. જેમ આપણે શિવને સ્તુતી કરીએ છીએ કે,

**''આપો દ્રષ્ટિમાં તેજ અનોખુ,<br>સારી સૃષ્ટિમાં શિવરૂપ દેખું.''**

દિવ્ય ચક્ષુથી દિવ્યના દર્શન થાય. વેદો એમ કહે છે જો દ્રષ્ટિ જ્ઞાનમય પ્રાપ્ત થાય તો આખુ વિશ્વ પરમાત્મા રૂપે બ્રહ્મ સ્વરૂપે દેખાવા લાગે. દરેક જીવમાં પુત્ર પરિવારમાં બ્રહ્મદ્રષ્ટિ થાય છે. સંસારના પદાર્થો વ્યવહાર કરવા માટે છે. સુખ લેવા માટે નથી. મીરાંબાઈએ કહ્યું છે ને,

**''સંસારીનું સુખ એવું જાંજવાના નીર જેવુ,<br>તેને તુચ્છ કરી ફરીએ રે, મોહન પ્યારા.<br>સંસારીનું સુખ કાચુ પરણીને રડાવું પાછુ<br>તેને પાસે શીદ જઈએ રે, મોહન પ્યારા,<br>પરણુ તો હું પ્રિતમ પ્યારા,અખંડ સૌભાગ્ય મારું<br>રાંડવાનો ભય ભાંગ્યો રે, મોહન પ્યારા.''**

જેમ જાંજવાના જળ જોઈને પીવાની ઈચ્છા થતી નથી, તેમાં ડૂબી જવાનો ભય નથી તે દેખાવા પૂરતા જ છે એ જ રીતે સંસારના પદાર્થોમાં જે સુખની ભ્રાંતી છે તે અજ્ઞાનતા છે સુખ તો પોતાની અંદર જ છે. પરમાત્માનું સુખ એ જ શાશ્વત સુખ છે. માનવજીવનની સાર્થકતા છે. આત્માનો આનંદ લેવો. જેના જેવા કર્મો એવું શરીર મળશે. પણ લાખો જન્મથી એ સમજાયું નથી.

જયાં સુધી હૃદયમાં કામ, ક્રોધ, રાગ-દ્વેષ છે ત્યાં સુધી અંતઃકરણ અશુદ્ધ છે અને અંતઃકરણ અશુદ્ધ હોય ત્યાં સુધી પરમાત્મા હૃદયમાં સાક્ષાત્ હોવા છતાં તેનો સાક્ષાત્કાર થઈ શકતો નથી. જો વિષય છૂટે તો તત્ત્વજ્ઞાન થાય અને પરમાત્માનું સુખ પ્રાપ્ત થાય. સદ્‌ગુરૂની કૃપા વગર વિષય છોડવા અઘરા છે. આમ ને આમ ગુરૂ વગર છોડવા પ્રયત્ન કરો પણ છૂટતા નથી. જેમ સમજો કે ત્રણ દિવસથી ભૂખ્યા છો અને લાડુ ખાવા મળ્યા છે એટલે લાડુ ખાવા માટે તલપાપડ થઈએ પણ કોઈ કહે કે આ લાડુમાં ઝેર નાંખ્યું છે તો તે ખાવા માટેની ઈચ્છા દૂર થાય છે તેમ વિષયનું સુખ લેવાથી જન્મ-મરણ ચક્કરમાંથી છૂટી શકાતુ નથી તેવું ગુરૂકૃપાથી સમજાય છે.

અત્યારે કયું સુખ લેવામાં આવે છે ? આત્માનું પરમાત્માનું ? નરસિંહ મહેતાએ કહ્યું છે ને કે,

**''વિવિધ રચના કરી ભોગ તું ભોગવે,<br>શિવનો જીવ થયો એજ આશે....અખિલ....''**

આગળ

**''રમવાની બાજી રચી, ધરી નવા નવા રૂપ,<br>સાંભળ શુદ્ધ ચિત્તે કરી....''**

ગુરુજી કહે છે કે પોતાનું સ્વરૂપ ભૂલી ગયા. આત્મ સ્વરૂપને ભૂલી ગયા અને પ્રેમ શેમાં કરીએ છીએ ? પોતાનામાં કે પારકામાં ?

**''મેરા સત્ ચિત્ આનંદરૂપ, કોઈ કોઈ જાણે રે,<br>જે જાણે વિરલા જન, મહારસ માણે રે.''**

સત્ સ્વરૂપ, ચિત્ સ્વરૂપ, આનંદ સ્વરૂપ છે તે તારું રૂપ છે. આત્મ સ્વરૂપ છે.

તો પારકામાં પ્રેમ કરવાથી મળે શું ? એને માટે પોતાના સ્વરૂપનું જ્ઞાન નથી અને જીવ અનિત્ય સંસારમાં પ્રેમ કરવા જાય છે. અસારે સંસારે એટલે કે સાર વગરના સંસારમાં પ્રેમ કરે છે. શાસ્ત્રકાર કહે છે આ જે બધી વસ્તુ છે તે કેવળ રમવા માટે બનાવી છે. શરીરમાં સુખ નથી. સુખ તો પોતાના આત્મામાં જ છે પણ જીવ અજ્ઞાનને લીધે ભ્રાંતીથી શરીરમાં સુખ માને છે. જેમ નાનું બાળકને માતા ધાવણ છોડાવે ત્યારે માતા બાળકને અંગુઠો મોઢામાં પકડાવે છે અને બાળક જેમ અંગુઠામાં દૂધ નથી છતાં દૂધની ભ્રાંતીથી અંગૂઠો ચૂસે છે પણ જયારે સમજણ આવે ત્યારે અંગૂઠો મૂકે છે. તેમ જ્ઞાન આવે ત્યારે સમજાય કે જીવને શરીરમાં સુખની ભ્રાંતિ છે જયાં સુધી વિષયમાં સુખ મેળવવાની ઈચ્છા છે ત્યાં સુધી વિષયમાં સુખ હોય તો મળવું જોઈએને ? પણ મળતું નથી. ગુરૂજી કહે છે કે હું બંગલાવાળો છું એમ બોલો છો પણ હું સુખવાળો છું એવું બોલતા નથી. કારણ -

**''સુખ રે નહીં આ સંસારમાં,<br>ભૂલ્યો મન ભમરા તું ક્યાં ભમ્યો,<br>ભમ્યો દિવસ ને રાત,<br>માયાનો બાંધેલ પ્રાણી સમજ્યો નહિ શુદ્ધવાત.''**

એટલે કહે છે જો વિષયમાં સુખની ભ્રાંતી થાય તે અજ્ઞાન છે. ગુરૂજી કહે છે મોઢું ગળ્યું કરવું છે પણ મેથી ખાઈએ તો મોઢામાં કેવું લાગે ? કડવું. એમ સુખ માટે મનને કયાં જોડવું ? પરમાત્મા સાથે મનને જોડવું જોઈએ. શ્રીમદ્ ભગવત ગીતામાં શ્રી કૃષ્ણ ભગવાને કહ્યું કે હે અર્જુન આમાં કાંઈ સંશય નથી મનને મારી અંદર જોડી દે અને બુદ્ધિને મારી અંદર સ્થિર કરી દે તો

મને જ પ્રાપ્ત કરીશ એમાં કોઈ સંશય નથી. ગીતાના બારમાં અધ્યાયના શ્લોકમાં આ બતાવ્યું છે અને જો સંશય રહે તો જીવનું કોઈ દિવસ કલ્યાણ થતું નથી. અજ્ઞાની, સંશય કરનારનો નાશ થાય છે. અશ્રધ્ધા-વાળો, જેને શ્રધ્ધા નથી તેનો પણ નાશ થાય છે. અજ્ઞાની કોઈનું માનતો નથી. અજ્ઞાની એટલે અહંકારી, દુર્વ્યસની, હઠીલા, અપ્રિયવાદી, મુર્ખ વગેરે..... મુર્ખને મુર્ખ કહો તો પણ એને ખબર ના પડે મને મુર્ખ કહે છે. બીજાનું કહેલું ન માનનારા મુર્ખ કહેવાય છે જેના લક્ષણ મુર્ખ જેવા છે.

એમ ભગવાન કહે છે સંશય છોડી મારામાં મન જોડી દે તો તું મને પ્રાપ્ત કરીશ.

જયારે બુધ્ધિ આપણી કામ ન કરે ત્યારે બીજા કહે તેમ કરવું પડે, સારું કહેલું માનીએ તો જ પ્રગતિ થાય. આગળ આવડે, શ્રધ્ધા કરવી પડે. જો શ્રધ્ધા ન કરો તો આગળ આવી શકીએ નહીં અને નાશ થાય. પણ આપણે મનને કયાં જોડીએ છીએ ? માયામાં પણ સાચું સુખ કયાં છે ? પરમાત્મામાં પણ કયાં શોધીએ છીએ ? તો એમ,

**''પ્રભુ છોડી પૈસામાં ધાયો,**
**દુનિયામાં કહેવાયો ડાયો,**
**ખોટું ડહાપણ ખવરાવશે માર,**
**ભજનમાં આવો નરને નાર,**
**જીવનનો કરવા બેડો પાર,**
**ભજનમાં આવો નરને નાર''**

ગુરુજી કહે છે રત્ન પદાર્થ જાય છે જો એ જ્ઞાન થાય તો દ્રષ્ટિ જ્ઞાનમય થાય.

**''આંખ મારી ઉંઘડે ત્યાં સીતારામ દેખુ,**
**ધન્ય મારું જીવન, કૃપા એની લેખું.''**

પરમાત્માની કૃપાથી સુંદર માનવ જન્મ મળ્યો છે. મન, બુધ્ધિ મળી છે જો એ બુધ્ધિમાં જ્ઞાન થાય તો આખું જગત બ્રહ્મ સ્વરૂપ દેખાવા લાગે. મનને પરમાત્મામાં જોડી પરમાત્મભાવમાં રહી શરીરભાવ દૂર કરવા પ્રયત્ન કરો. એ માટે પરમાત્માં સર્વને શક્તિ આપે.

**સર્વેઽત્ર સુખિનઃ સન્તુ સર્વે સન્તુ નિરામયાઃ ।**
**સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિદ્દુઃખમાપ્નુયત્ ॥**

# માનવ જીવન દર્શન

રજુ. સેવક

**પરમ પૂજ્ય વેદાન્તાચાર્ય સ્વામીશ્રી બ્રહ્માનંદ સાગર મહારાજશ્રીના સરઢવ મુકામે સત્સંગ પર આધારિત**

**<u>વિષય – માનવ જીવન દર્શન</u>**

સ્વામીજીએ માણસનું આયુષ્ય કેટલું હતું અને કેટલું આયુષ્ય માણસે પ્રાણીનું લીધું એ વિષય ઉપર સમજાવ્યું હતું અને કહ્યું હતું કે માણસને માણસ થવાનું કહેવું પડે છે પણ પશુને પશુ થવાનું કહેવું પડતું નથી.

માણસનું આયુષ્ય ખરેખર તો ૨૫ વરસનું જ હતું પણ તેને કોની પાસેથી કેટલું આયુષ્ય લઈને ૧૦૦ વરસ પૂરા કર્યા તે આ પ્રમાણે સમજાવ્યું હતું.

પૃથ્વી પર પહેલા ગધેડાનું અવતરણ થયું. ગધેડાએ ભગવાનને પૂછયું પ્રભુજી મારે કેટલા વરસ જીવવાનું અને મારે શું કાર્ય કરવાનું ?

ભગવાને ગધેડાને કહ્યું કે તારું આયુષ્ય પૃથ્વી ઉપર ૪૦ વરસનું અને તારે કુંભારના ઘરે કાળી મજૂરી કરવાની, માટીનો ભાર વહન કરવાનો અને ઉકરડામાં આળોટવાનું તો પછી ગધેડાએ ભગવાનને કહ્યું કે મારૂં આયુષ્ય ઓછું કરો. મારે આટલા બધા વરસ કાળી મજૂરી કરવા જીવવું નથી. મારૂં આયુષ્ય ઓછું કરો. ભગવાને પૂછયું કેટલા વરસ ઓછા કરૂં તો ગધેડા એ કહ્યું કે ૨૫ વરસ ઓછા કરો. તો ભગવાને ગધેડાનું આયુષ્ય ૨૫ વરસ ઓછું કરીને ૧૫ વરસ રાખ્યું.

પૃથ્વી પર ગધેડા પછી કૂતરાનો વારો આવ્યો. કૂતરાએ પણ ભગવાનને પૂછયું કે મારે કેટલા વરસનું આયુષ્ય છે અને મારે શું કાર્ય કરવાનું છે ?

ભગવાને કૂતરાને કહ્યું કે તારૂં આયુષ્ય પૃથ્વી ઉપર ૪૫ વરસનું અને તારે માલિકને વફાદાર રહેવાનું... એની ચોકી કરવાની અને ગલીએ ગલીએ ભટકીને બટકું રોટલો ખાવાનો અને કોઈ લાકડીનો માર મારે તો માર ખાવાનો. તો કૂતરાએ પણ ભગવાનને કહ્યું કે મારે પણ આટલા વરસ નથી

જીવવું. મારૂં આયુષ્ય પણ ઓછું કરી દો. તો ભગવાને કહ્યું કેટલા વરસ ઓછા કરૂં તો કૂતરાએ કહ્યું ૨૫ વરસ ઓછા કરો. ભગવાને કૂતરાના ૨૫ વરસ ઓછા કર્યા અને કૂતરાનું આયુષ્ય ૨૦ વરસનું કર્યુ.

પૃથ્વી ઉપર કૂતરા પછી બળદનો વારો આવ્યો. બળદે ભગવાનને પૂછયું કે ભગવાન મારે પૃથ્વી ઉપર કેટલા વરસ રહેવાનું અને શું કાર્ય કરવાનું ?

ભગવાને બળદને કહ્યું કે તારૂં આયુષ્ય ૫૫ વરસ છે. અને તારે જમીનને ખેડીને નરમ બનાવવાની. તારી ઈચ્છા હોય કે ના હોય તો પણ તારે કામ કરવાનું ખેડૂત પુંછડું આમળે એટલે ખેતર ખેડવા માટે તારે તૈયાર થઈ જવાનું અને છેલ્લી જીંદગીમાં ખેડૂત તારા પગ ચાલતા બંધ થાય એટલે પાંજરા પોળમાં બીજાના આધાર ઉપર છોડી દે ત્યાં તારે છેલ્લી જીંદગી રીબાતા રીબાતા પૂરી કરવાની. બળદે પણ ભગવાનને કહ્યું કે મારે આવું બધું સહન કરવા આટલા બધા વરસ જીવવું નથી. મારૂં આયુષ્ય પણ ઓછુ કરી દો. તો ભગવાને કહ્યું તારા કેટલા વરસ ઓછા કરૂં. બળદે કહ્યું મારા પણ ૨૫ વર્ષ ઓછા કરો. ભગવાને બળદના પણ ૨૫ વરસ ઓછા કર્યા એટલે બળદનું આયુષ્ય પણ ૩૦ વર્ષ રહ્યું.

ગધેડો, કૂત્તરો, બળદ અને પછી માણસનો વારો આવ્યો. માણસે પણ ભગવાનને પૂછયું ભગવાન મારૂં આયુષ્ય કેટલું ? અને મારે શું કાર્ય કરવાનું ?

ભગવાને માણસને કહ્યું કે તારૂં આયુષ્ય પણ ૨૫ વરસ છે. તો માણસે કહ્યું કે ભગવાન મારું આયુષ્ય આટલું ઓછું કેમ ? ભગવાને કહ્યું, તું આટલા ઓછા આયુષ્યમાં પણ તારી બુધ્ધિથી અનેક જીવોને તારી વશમાં રાખી શકીશ, તારી ઈચ્છા પ્રમાણે તું ભોગ ભોગવી શકીશ, વ્યસન, ફેશન કરી શકીશ, કોઈને મારી શકીશ, કોઈને જીવાડી શકીશ અને પ્રભુનામ લઈને પરમાત્મા પણ તું બની શકીશ.

માણસે ભગવાનને કહ્યું કે ભગવાન મારે આટલા બધા કાર્ય કરવા માટે તો ૨૫ વરસ ઓછા પડે. ભગવાને કહ્યું, મારી પાસે તારા માટે તો ૨૫ વરસથી વધારે નથી પણ તું તૈયાર હોય તો ગધેડાના ૨૫ વરસ પડયા છે તે તને આપી દઉ માણસે કહ્યું એ મને આપી દો. પણ ૫૦ વરસ પણ મને ઓછા પડે. ભગવાને કહ્યું મારી પાસે હવે કૂત્તરાના અને બળદના બંનેના થઈને ૫૦ વરસ હજી પડયા છે. જો તારી ઈચ્છા હોય તો એ પણ તને આપી દઉં માણસે કહ્યું આપો મારે ૧૦૦ વરસ પૂરા થઈ જાય.

સો વરસના આયુષ્યમાં માણસ શરૂઆતના ૨૫ વરસ માણસ તરીકે જીવે છે. ૨૬ થી ૫૦ વરસ સુધી માણસ ગધેડાની જેમ જીવે છે. તે સમયમાં માણસ વ્યસન, વ્યભિચાર અને વાસનામાં જીવે છે. અને કોઈ સારી શિખામણ આપે તો ગધેડાની જેમ લાતો મારતા રહેવું અને અનેક પ્રકારની તકલીફોનો ભાર સહન કરતા રહેવું.

ત્યારબાદ શરૂ થાય છે કૂતરાના ૨૫ વરસ તે સમયગાળામાં માણસ કૂત્તરાની જેમ આડોશ-પાડોશ, કુટુંબ-પરિવાર સાથે ઝઘડતા રહેવું અને પૈસા માટે ગમે તેવું અનીતીના કામ કરતા રહેવું અને લોકોને ખુશ રાખવા માટે ખુશામત કરતા રહેવું.

છેલ્લે શરૂ થાય છે બળદના ૨૫ વરસ. એમાં માણસ સાજો-માંદો રહે છે અને ઘરના ખૂણામાં પડયા રહેવાનો વારો આવે છે. દીકરો અને વહું જયાં બેસાડે ત્યાં બેસી રહેવાનું. અને જે ખાવા આપે તે ભાવે કે ના ભાવે તો પણ એજ ખાવાનું બીજું કોઈ કહ્યું માને નહીં અને બધાની આજ્ઞાનું પાલન કરવાનું. આ રીતે માણસે ૧૦૦ વરસનું આયુષ્ય પુરૂં કરીને પરલોક જવાનું હોય છે.

માણસે મનુષ્ય અવતાર મળ્યો છે. તેને ફેશન, માવા, ગુટખા, દારૂં જેવા વ્યસનો અને વ્યભિચારથી દૂર રહીને સારૂં કાર્ય કરવું જોઈએ અને પ્રભુ-ભક્તિ કરવી જોઈએ. કારણ કે મનુષ્ય અવતારતો દેવો ને પણ દુર્લભ છે. દેવો પણ મૃત્યુલોકમાં માણસ અવતાર ઝંખી રહ્યા છે. માટે માણસ ધારે તો પ્રભુ-ભક્તિ કરીને આત્માને પરમાત્મા પણ બનાવી શકવાની ક્ષમતા ધરાવે છે.

માણસે જીવનમાં ગધ્ધાવૃતિની બોલબાલા, શ્વાનવૃતિની આધીનતા અને બળદવૃતિની પરવશતા છોડીને જીવનને પરમાત્મામય બનાવવું જોઈએ. જેથી આ લોકમાં જ પરમાત્માની પ્રાપ્તિ થઈ જાય.

રણછોડભાઈ ધનજીભાઈ સાંસપરા
અધેવાડા

# શ્રાવણ માસ

॥ જય સચ્ચિદાનંદ ॥

એક વખત મહાદેવ અને માં પાર્વતી કૈલાસ પર્વત ઉપર બેઠા હતા. માં પાર્વતીએ મહાદેવને કહ્યું કે નાથ પૃથ્વી ઉપર શ્રાવણ માસ આવશે, તો તમારે ત્યાં તમારા ભક્તો તમારી પૂજા અર્ચના કરવા તમારા મંદિર ઉપર બહુ જ ભીડ કરશે. તમારી ઉપર બહુજ શ્રદ્ધા રાખશે. તેવા ભક્તને તમારે દર્શન દેવા જોઈએ. ત્યારે મહાદેવ કહે છે કે આવા ભક્ત શ્રાવણ માસમાં જ મહાદેવનાં મંદિરમાં રહે છે. તેવું સમજીને શ્રાવણ માસમાં જ ભીડ કરે છે. આ ભક્ત કામી અને લોભી હોય છે. આ ભક્તો કંઈકને કંઈક માંગતા હોય છે અને આ માણસોની ભીડ રહેવાથી હું શ્રાવણ માસમાં મંદિરમાં રહેતો નથી. ત્યારે પાર્વતીજી કહે છે કે તો ચાલો આપણે સંસારમાં જઈને ભક્તોની પરીક્ષા કરીએ. શ્રાવણ માસ આવતા જ શીવ અને પાર્વતીજીએ ભીખારી બનીને શીવ મંદિરના દરવાજે બેસી ગયા અને સવાર પડતાં જ મંદિરે માણસો દર્શન કરવા આવવા લાગ્યા. મંદિરની બાજુમાં એક નદી હતી અને જંગલમાંથી એક ભીલ આદીજાતિનો એક માણસ આવ્યો અને નદીમાં નાહીને મોઢામાં પાણી અને એક બીલી પત્ર લઈને મંદિરમાં ગયો. અંદર જઈને શિવની પથ્થરની શીવલીંગ ઉપર મુખમાંથી પાણી નાખ્યું અને બીલીપત્ર ઉપર મૂકીને જતો રહ્યો. એક પછી એક ભક્ત દૂધના લોટા લઈને આવે છે. કોઈ ફૂલ લઈને આવે છે. કોઈ ફળ લઈને આવે છે. પછી ભારે ભીડ લાગે છે. આ બધુ શિવ અને પાર્વતી જોયા કરે છે અને ભીખારી રૂપે ભગવાન બેઠા છે. તેની સામે પણ જોતા નથી. કંઈ દાન પણ કરતા નથી. મંદિરનો પૂજારી એક મહાત્મા સવારથી શિવને દૂધથી નવડાવે છે. પછી મધથી નવડાવે છે. પછી અનેક વિધિ પૂજા અર્ચના કરે છે. સવારથી બપોર સુધી શિવપૂજા કરે છે. શિવ અને પાર્વતીજી પૂરો શ્રાવણમાસ મંદિરના દરવાજા ઉપર બેસીને જોતા રહ્યા. શ્રાવણ માસ પૂરો થવા આવ્યો એટલે પાર્વતીએ પૂછ્યું કે હે નાથ ! પૂરા શ્રાવણ માસમાં તમારો અધિક સર્વશ્રેષ્ઠ ભક્ત કોણ છે. ત્યારે ભગવાન કહે છે કે પાર્વતી મારો અધિક ભક્ત પેલો ભીલ છે. ત્યારે પાર્વતીજી કહે છે. હે નાથ ! ભીલ તો અધમ છે. તેને પૂજા અર્ચના કરતા પણ નથી આવડતી અને વળી તેના મુખમાં પાણી ગંદુ કરીને તમારા ઉપર રોજ નાખે છે. બીલીનું પાન લીંગ ઉપર મૂકે છે. આને ઉત્તમ ભક્ત કેમ કહેવાય ?

અને પેલા પૂજારીને જોયાને સવારથી દૂધ, મધ, ચંદન, કેસર અનેક વિધિ અને વિધાનથી મહારુદ્રી કરે છે અને પૂજા અર્ચના કરે છે. તો પૂજારી તમારો ઉત્તમ સંસારમાં સર્વ શ્રેષ્ઠ ભક્ત કહેવાય. પછી શિવાજી કહે છે કે દેવી તેની પરીક્ષા કરી ત્યારે અમાસનો દિવસ હતો. મંદિરો માણસોથી ભરપૂર ભરાયેલા હતા. શીવજીનું ભજન પૂજન દર્શન થતા હતા. ત્યારે માં પાર્વતીએ ધરતી ધ્રુજાવી અને ધરતીકંપી અને મંદિરોમાં ઘુંમટ ડોલવા લાગ્યા. મંદિરમાં ઘંટ પણ તેની મેળે વાગવા લાગ્યા. બધા માણસો મંદિરમાંથી ભાગ્યા પૂજારી પણ ભાગ્યા પેલો ભીલ ખેતરમાં કામ કરતો હતો તેણે જોયું. માણસો મંદિરમાંથી ભાગ્યા છે. કોઈ બૂટ ચંપલ પહેરવા પણ ઉભા રહેતા નથી. આ મંદિરમાં ઘૂંમટ હાલક ડોલક થાય છે. આ ઘુંમટ પડશે. મારા ભગવાનને વાગી જશે. તેમ સમજી દોડતો દોડતો મંદિરમાં આવે છે અને શિવલીંગ ઉપર પડી જાય છે. ઘુંમટ પડે તો મારા ભગવાનને વાગે નહીં. તેવું સમજીને શિવ ઉપર સૂંઈ જાય છે. આ બધુ માં પાર્વતીએ જોયુ અને પછી ભગવાન પાસે જઈને કહ્યું, ભગવાન તમારો ભક્ત પેલો ભીલ છે. ત્યારે શિવ અને પાર્વતી ભીલને દર્શન આપે છે. તો આજે માણસ ચૈતન્ય શિવને ભૂલી ગયો છે. ગરીબના ઘરમાં બાળકને દૂધનું ટીપું મળતું નથી. તે બાળક ચૈતન્ય શિવ છે. તેને પાવા માટે દૂધ નથી. એક પથ્થર ઉપર ઢોળીને સીધુ ગટરમાં વહેવડાવીએ છીએ. ભગવાન માણસને દર્શન આપશે. કયાં રૂપમાં આપે છે. તેની આપણને ખબર નથી. એટલે માણસ મંદિરમાં ભગવાનને શોધે છે. પણ ભગવાન લુચ્ચા માનવને જોઈએ મંદિરમાં રહેતા નથી. કૈલાસમાં રહે છે.

# સુખની ઈચ્છા

પટેલ દેવીકાબેન જે.
ઓઝરાળા

॥ જય સચ્ચિદાનંદ ॥

પરમાદરણિય પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ અનંત શ્રી વિભૂષિત પ.પૂ.સ્વામી શ્રી પ્રકાશાનંદ સાગરજી મહારાજના અલ્હાબાદમાં કુંભમેળામાં સત્સંગ કથા આધારિત.

આ સંસારમાં દરેક જીવ સુખની ઈચ્છા કરે છે અને આ સુખ લેવા માટે જીવ સાચા ખોટા કર્મ કરે છે. છતાં પણ સુખ મળતું નથી. આશાને તૃષ્ણામાં બધા બંધાણા છે. કોઈની ઈચ્છા કયારેય પૂરી થતી નથી. લાખો કરોડો કમાણા છતાં ઈચ્છા પૂરી થતી નથી અને એંશી વર્ષના થઈ જાય છતાં છૂટતું નથી. આશા તૃષ્ણા અને લોભ જીવને સાચા ખોટા કર્મ કરાવે છે.

**''એક ભમર કમળમાં રહે છે,**
**તેને વાસ કમળની ગમે છે,**
**સાંજ પડીને કમળ બિડાયું,**
**આકળાયું ને કયાંય ન જવાયું,**
**એને કમળની પ્રીતે જ મરવું,**
**એવું હરિચરણે ચિત્ત ધરવું,**
**ભક્તિ એવી રે ભાઈ એવી,**
**તરસ્યાને પાણી રે જેવી.''**

એક ભમરને કમળની સુગંધ ગમે છે એટલે તેની સુગંધ લેવા જાય છે અને સાંજ પડી એટલે કમળ બીડાઈ જાય છે. ભમર અકળાય છે અને વિચારે છે કે સવાર પડશે કમળ ખીલશે એટલે હું બહાર નીકળીશ. પરંતુ તળાવમાં હાથી પાણી પીવા આવ્યો ને કમળને મૂળીયા સાથે ખાઈ ગયો. આમ ભમરની ઈચ્છા પૂરી થઈ નહિ.

**''વૃદ્ધપણામાં ચિંતા વધી,હાથ પાંવ ન હાલેજી,**
**ઘરના માણસ કહ્યું ન માને એ દુઃખ અંતર સાલેજી''**

કાલની ખબર નથી છતાં જીવ ભગવાનને ભજતો નથી ઊઠો જાગો, આપણો શત્રુ બહારનો કોઈ નથી. સાચા સુખની પ્રાપ્તિ કરવી હોય તો કયાં થાય ? સંસારમાં સુખ તો કયારેય મળ્યું નથી ને મળશે નહિ એરકંડીશન ગાડીમાં બેઠા હોય પણ જંગલમાં પંચર પડી જાય તો શું કરો ? એટલે સંસારના પદાર્થોથી કોઈને સુખ મળતું નથી. એ પદાર્થો વ્યવહાર માટે સારા છે. અણમોલી વસ્તુ હૃદયમાં છે, આપણી અંદર સુખ સુખનો ભંડાર છે. ચોમાસાની અંદર શિયાળામાં ગમે તે હોય પણ ભગવાન સૂર્ય નારાયણ ખીલેલા છે. પણ વચ્ચે વાદળ આવી જાય તો સૂર્ય નારાયણ દેખાતા નથી. આપણી અંદર બહું જ અંધારું છે. તો એક દિપક જગાવો તો અંધારું એની મેળે ચાલ્યુ જાય છે. આપણામાં અનેકગણું અજ્ઞાન છે. એને દૂર કરવું હોય તો એક માનવજીવન એવું છે કે એ જીવન દ્વારા સત્સંગ કરતા જાય તો જ્ઞાનનો દીપક અંધારું અજ્ઞાન દૂર કરે છે. જેનો ભારતભૂમિમાં જન્મ થયો તે ધન્ય ધન્ય થઈ જાય છે. મૃત્યુ લોકમાં સુખ નથી. સ્વર્ગલોક માં પણ સુખ નથી એટલે માનવજીવન દ્વારા સત્સંગ કરતા રહો, ગુરુ ભગવાનની સેવા કરતા રહો. તો સત્ય-અસત્ય, સાચા-ખોટાનો વિવેક થાય છે. આપણ-ને ખબર છે કે આ કામ કરીશ તો પાપ લાગશે. આપણા સદ્‌ગુરુ સ્વામીજી મહારાજ કહેતા હતા કે દૂધ સારું કે ચા સારી, તો દૂધ સારું અને આપણે જાણીએ છતાં પણ ચા પીએ છીએ. ગીતામાં ભગવાન કૃષ્ણ અર્જુનને વારંવાર બતાવે છે જેવી જેની ભાવના હોય તેવું ફળ મળે છે.

**''ધ્યાનમૂલં ગુરુર્મૂર્તિઃ પૂંજા મૂલં ગુરુઃ પદમ્,**
**મંત્ર મૂલં ગુરોર્વાક્યં મોક્ષ મૂલં ગુરોઃ કૃપા.''**

ભગવદ્‌ગીતા અને ગુરુગીતામાં વેદના મંત્રો છે. ધ્યાન ગુરુજીનું કરવું જોઈએ. હે અર્જુન તું બધું મારા પર છોડી દે સર્વ કર્તવ્ય છોડી મારામાં પ્રિતી કર. તો તારે કંઈ ચિંતા નહીં.

# વંદન અને નંદન

શર્મિષ્ટા ડી. કોશિયા
(ભાંભણ)

॥ જય સચ્ચિદાનંદ ॥

ગુણવાનોને જે હૃદયના ભાવથી વંદન કરે છે એના, જીવનમાં ગુણોનાં નંદનવન સર્જાય છે !

આપણા ઋષિઓ એ વંદન અને નંદનવનના સુંદર અર્થ સમજાવ્યા છે.

વંદન એટલે વિશ્વાસઘાત નહી કરવાની પ્રતિજ્ઞા નંદનવન એ નવાજવાના નજરણાં છે.

વંદન કર્યા પછી જે જવાબદારી આવે તેને વફાદારી પૂર્વક નિભાવવાનો સંકલ્પ કરો.

વંદન શબ્દનો લોક પ્રસિદ્ધ સામાન્ય અર્થ થાય છે નમસ્કાર અને તે પ્રત્યક્ષપણે નમ્રતાનો ઘાતક પણ છે. આમ છતાં એનો શાસ્ત્રસિદ્ધ વિશદ અર્થ એ છે કે. મન-વચન-કાયાની નમ્રતા-પ્રહવીભવન તે છે સાચો નમસ્કાર-સાચી વંદના, મતલબ કે જેને નમસ્કાર કરાય તેના પ્રત્યે મનથી ઉત્કટ બહુમાનભાવ હોવો જોઈએ, વચનથી ઉચ્ચ આદર વ્યક્ત થવો જોઈએ અને કાયાથી નમસ્કારની મુદ્રા હોવી જોઈએ. ત્યારે એ નમસ્કાર વંદના યથાર્થ સાર્થક બને. અહંકારી બનીને આજ સુધી ગુણવાન જનો પ્રત્યે મનથી તિરસ્કાર ભાવ ઉપેક્ષાભાવ ઘણો ધર્યો, વચનથી એમને ઘણીવાર હીન ઠેરવ્યા અને કાયાથી એમના પ્રત્યે અકકડભાવ પણ ખૂબ ધર્યો. હવે એ અવસ્થાથી ઉપર ઊઠીને ગુણવાન પ્રત્યે મન-વચન-કાયાથી નમ્રભાવ-બહુમાન ભાવ ધરવો તે છે વંદના. પેલી ગીત પંક્તિમાં એનું નિરૂપણ ખૂબ સરસ પ્રસ્તુત થયું છે કે,

**ગુણથી ભરેલા ગુણીજન દેખી,**
**હૈયુ મારું નૃત્યુ કરે,**
**એ સંતોના ચરણકમળમાં,**
**મુજ જીવનનું અર્ધ્ય વહે....**

એક વાત ખબર છે ? નમન નમનમાં પણ આસમાન જમીનનો તફાવત હોય છે. એમ તો આક્રમણ માટેની છલાંગ લગાવતા પૂર્વે ચિતો પણ નમે છે. ચોરી માટે કૂદકો લગાવતા પૂર્વે ચોર પણ નમે છે, તો તીર છોડતા પૂર્વે કમાન પણ નમે છે. પરંતુ એ નમન દગલબાજીનું સ્વાર્થનું આક્રમણનું નમન હોવાથી એ વર્જ્ય ત્યાજ્ય છે. એ જ રીતે અણસમજુ વ્યક્તિ નાદાનિયતથી નમે એય નિરર્થક છે. એટલે જ આપણે વંદનાનો પૂર્વોક્ત અર્થ કરતા મન-વચન-કાયાની નમ્રતાની વાત કરી. આવી નમ્રતા જયારે ગુણીજનો પ્રત્યે વિકાસે ત્યારે બહુમાનભાવ કેવો આદર્શ અને આભઉચેરો બને છે એ જાણવું છે ? તો વાંચો આ હૃદયસ્પર્શી સત્ય ઘટના....

ગુજરાતનું એક પ્રાચીન શહેર આજે પણ ત્યાં આરાધનાપ્રિય જૈનોની વસ્તી ખૂબ વિશાલ સંખ્યામાં છે. આ શહેરના પ્રાચીન જિનાલય-ઉપાશ્રયની નિકટ એક જૈન પરિવાર રહે. સંસાર ત્યાગી સાધુ-સાધ્વીજી પ્રત્યે સમગ્ર પરિવારના અંતરમાં ગુણાનુરાગજનિત બહુમાન ભાવ ખૂબ ભારે પ્રવર્તે. પરિવારના દરેક સભ્યો પ્રતિદિન ઉપાશ્રયે જઈ નિયમિત ગુરૂવંદના કરે અને રોજ રોજ એમની સુપાત્ર ભક્તિનો લાભ લે. ઉપાશ્રયે ગુરુ ભગવંત હોય અને એમના ઘરે ગોચરી (ભિક્ષા) માટે પધારે કારણ કે ઘર ખૂબ નિકટ અને પરિવારનો ભક્તિ સભર આગ્રહ ખૂબ પ્રબળ એટલે સાધુ-સાધ્વીજી પ્રાય અવશ્ય એમને ત્યાં પધારેજ.

વર્ષો પૂર્વ એ શહેરમાં દીર્ઘકાળ સ્થિરતા કરી ચૂકેલા એક મુનિવર દાયકાઓ બાદ ફરી એ શહેરમાં પધાર્યા. તેઓ પેલા પરિવારની ધર્મ ભાવનાથી - ગુરૂભક્તિથી સુપરિચિત હતા. એથી એ ઘરે ગોચરી માટે ગયા. દાયકાઓ બાદ તેઓ એ ઘેર આવ્યા હતા. એથી સ્વાભાવિક ઘણું બધું પરિવર્તન એમને નિહાળવા મળ્યું. પરિવારના સભ્યોની એક આખી પેઢી બદલાઈ ગઈ હતી. ઘણા ચહેરા સાવ નવા હતા. ઘરનું ફર્નિચર દીવાલોની ડિઝાઈન ઉપરની છત વગેરે બધું જ બદલાઈને અત્યંત કલાત્મક આકર્ષક બની ગયું હતુ. પરંતુ મુનિવરે મનોમન નોંધ્યું કે બધું બદલાવા છતાં ઘરનું ફ્લોરિંગ (તળિયું) તો એનું એ જ હતું. એ જ જૂની પુરાણી ટાઈલ્સ અને એજ દાયકાઓ પૂર્વેનો દેખાવ ! પરિવારની આર્થિક સ્થિતિ એવી મર્યાદિત પણ ન હતી કે એને ક્રમશઃ થોડો થોડો બદલાવ લાવવો પડે.

જિજ્ઞાસા વધી જતાં ત્રણેક દિવસ મુનિવરે પરિવારના મોભીને પૂછી લીધું કે, “તમે ઘરમાં બધો બદલાવ કર્યો, પરંતુ ભૂમિતલ એ જ દાયકાઓ જૂનું

રાખ્યું છે એનું કાંઈ કારણ ખરું ?" પેલા ભાઈએ સહેજ મલકાઈ ઉઠતાં ગુરુભક્તિ નીતરતો - બહુમાન નીતરતો ઉત્તર આપ્યો : "મહારાજશ્રી ! મારા પિતાજી મને છેલ્લે કહી ગયા હતા કે જરૂર પડયે તારે આ ઘરમાં જે ફેરફાર કરવા હોય તે ભલે કરજે, પરંતુ ભૂમિતલમાં કોઈ પણ ફેરફાર અત્યંત અનિવાર્ય ન બને ત્યાં સુધી જરાય ન કરજે. કેમ કે આ ભૂમિતલ પર આજ સુધીમાં હજારો સાધુ-સાધ્વીજીના પગલા થયા છે. એ ત્યાગી-તપસ્વી-જ્ઞાની-આરાધક ભક્ત મહાત્માઓના ચરણોથી પાવન થયેલ આ ભૂમિતલ-ના પરમાણુઓ આપણને પણ મૂક ઉચ્ચ પ્રેરણાઓ આપ્યા કરશે !" મુનિવર સુખદ આશ્ચર્ય અનુભવી રહ્યા ગુરુજનો-ગુણીજનો પ્રત્યે આ પરિવારના અંતરમાં છલકાતા બહુમાનભાવથી....

આ સત્ય ઘટનામાં ગુરુજનો-ગુણીજનો પ્રત્યે મન-વચન-કાયાના ઉચ્ચ આદર્શરૂપ વંદના સુરેખ પ્રતિબિંબિત થાય છે. પૂર્વે જણાવ્યું તેમ ગુણાનું રાગજનિત આવી વંદનાથી અહંકારની પકડથી મુક્ત થવાય છે. નમ્રતા કેળવાય છે. ગુણવાન વ્યક્તિના જે વિશિષ્ટ એમના પ્રત્યે બહુમાન ધરીએ એ ગુણોનો વિકાસ આપણામાં થવાની મોટી શક્યતા સર્જાયા છે. આ સંદર્ભમાં જૈન શાસ્ત્રોની એક ગાથા ખાસ ટાંકવા જેવી છે કે :

**ગુણશ્યણમંડિયાણ,બહુમાનં જો કરેઈ સુદ્ધમણો,**
**સુલહા અત્રજમ્મમ્મિ,તસ્સ ગુણા હુતિ નિયમેણં**

ભાવાર્થ કે ગુણગણમંડિત પુણ્યાત્માઓ પ્રત્યે જે વ્યક્તિ શુદ્ધ મનથી બહુમાન-આદર કરે છે તેને જન્માંતરે ગુણો અવશ્યમેવ સુલભ બને છે. માટે જ આપણે સમાપન કરતાં એ કહીશું કે, "ગુણવાનોને જે હૃદયના ભાવથી વંદન કરે છે એના જીવનમાં ગુણોનું નંદનવન સર્જાય છે."

## અક્ષરં બ્રહ્મ પરમમ્

**ઘનશ્યામ એલ. સવાણી**
**(નાવડા)**

શ્રીમદ્ ભગવદ્ ગીતાના આઠમા અધ્યાયમાં અર્જુન આનંદ કંદ ભગવાન શ્રી કૃષ્ણને સાત પ્રશ્ન પૂછે છે.

**કિં તદ્બ્રહ્મ કિમધ્યાત્મં કિં કર્મ પુરુષોત્તમ ।**
**અધિભૂતં ચ કિં પ્રોક્તમધિદૈવં કિમુશ્યતે ॥**
**અધિયજ્ઞઃ કથં કોઽત્ર દેહેઽસ્મિન્મધુસૂદન ।**
**પ્રયાણકાલે ચ કથં જ્ઞેયોઽસિ નિયતાત્મભિ ॥**

અર્જૂન ભગવાનને પૂછે છે કે હે પુરુષોત્તમ ! બ્રહ્મ શું છે ? અધ્યાત્મ શું છે ? કર્મ શું છે ? અધિભૂત નામની શું કહેવાયું છે અને અધિદૈવ કોને કહે છે.

હે મધુસૂદન ! અધિયજ્ઞ કોણ છે ? અને તે આ શરીરમાં કેવી રીતે છે ? તથા તમારામાં ચિત્ત પરોવેલા માણસો વડે અંતકાળે તમે કયા પ્રકારે ઓળખી શકાઓ છો ?

તેમાં પ્રથમ પ્રશ્ન છે કે **'કિં તદ્ બ્રહ્મ'** બ્રહ્મ શું છે ? કારણ કે બ્રહ્મએ એક જ તત્ત્વ માટે વપરાતો શબ્દ નથી. બ્રાહ્મણ જાતી માટે બ્રહ્મ શબ્દનો પ્રયોગ થાય છે. આત્મા માટે બ્રહ્મ શબ્દનો પ્રયોગ થાય છે. અને વેદ માટે પણ બ્રહ્મ શબ્દનો ઉપયોગ થાય છે. તો તેમાં બ્રહ્મનું સાચું સ્વરૂપ શું ?

તેનો ઉત્તર આપતા ભગવાન ત્રીજા શ્લોકમાં કહે છે **'અક્ષરં બ્રહ્મ પરમમ્'** ધ્યાન રાખો કે આ જ આપણા માટે જાણવા યોગ્ય છે. ગુરુજી આપણને અમર કરે પણ આપણે અમૃત પીઈએ તો અમર થવાય. જેમ કહ્યું કે જાતી માટે પણ બ્રહ્મ શબ્દનો પ્રયોગ થાય છે, સગુણ માટે પણ, નિર્ગુણ માટે પણ, પર માટે પણ, અપર માટે પણ તેમજ ભગવાન માટે પણ અભિપ્રેત કરતો શબ્દ છે. તો તેનો ઉત્તર ભગવાને આપ્યો **'અક્ષરં બ્રહ્મ પરમમ્'** જે અક્ષર છે એ બ્રહ્મ છે એક જ શબ્દમાં પ્રશ્ન અને એક જ શબ્દમાં ઉત્તર સંસારમાં જે વસ્તુ અક્ષર છે એને બ્રહ્મ કહેવાય. જો સંસારની રચનાને ધ્યાનથી જોશો તો જ સમજાશે. આપણા શરીરમાં કયારેય એવું તત્ત્વ જણાયું કે જેનો કદી નાશ ન થાય. અક્ષર એટલે જે કયારેય ક્ષર ન થાય. યાને ખરી ન જાય. આપણે કહીએ કે પાંદડુ ખરી ગયું. જે કયારેય ખરે નહી તેને અમર કહેવાય તો અક્ષર કહો કે અમર કહો બેય એક જ છે. બધાને અનુભવ છે, અખરનો.

સૌ પ્રથમ કુમાર અવસ્થા જેમાં રમે, ખેલે, આથડે, રોવે પછી યુવાવસ્થા શરૂ થાય. વિવાહ કાલ

અને પછી આધેડ અવસ્થા અને ચોથી વૃદ્ધાવસ્થા. તો ૯૦-૧૦૦ વર્ષે પહોંચેલો એ ચારેય અવસ્થાથી પાર છે એને પૂછો કે કુમાર અવસ્થાથી પાર છે એને પૂછો કે કુમાર અવસ્થાની કોઈ વાત યાદ છે ? તો કહે હા. જયારે હું કુમાર હતો ત્યારે ૫ કિ.મી. દોડી જતો હતો. પછી યુવાવસ્થાનું કર્મ યાદ છે ? અને આધેડ અવસ્થામાં જે કર્મ છે તે યાદ છે ? પેલા વાળ કાળા હતા હવે ધોળા થઈ ગયા તો આ શરીરની જુદી જુદી અવસ્થા જોવા વાળો બદલાઈ ગયો કે એનો એ ?...તો આત્માનું ક્ષરણ નથી થતું, ક્ષરણ તો શરીરનું થાય છે જે ખરતો નથી બદલાતો નથી તે આત્મા છે બ્રહ્મ છે. આત્મા અને બ્રહ્મમાં કોઈ ભેદ નથી. એટલે ભગવાને એક જ શબ્દમાં ઉત્તર આપ્યો તો કયાં ખોવાઈ ગયું ? પાંચ અને પચ્ચીસમાં ખોવાઈ ગયું છે ઓળખાતું નથી.

એક કલાસમાં પચાસ છોકરા બેઠા હોય અને શ્લોક મોઢે કરાવવા બોલાવતા હોય તો તમે તમારા છોકરાના અવાજને જુદો તારવીને સાંભળી શકો ?... નહીં એમ દેહ અને આત્મા બેય એવા ભેગા થઈ ગયા છે એટલે જુદા તારવી શકાતા નથી. એના માટે પ્રયત્ન અને સાધનાની આવશ્યકતા છે. શરીર છે એ ક્ષર છે અને હું અક્ષર છે. એને અનુભવવાની જરૂર છે. ૫ × ૫ = ૨૫ થાય. પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય, પાંચ પ્રાણ, પાંચભૂત, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર અને ૨૫ મો પુરુષ.

**પાંચ પચ્ચિસના ઝઘડામાં,**
**હિરલો ખોવાચો તારો કચરામાં...**

યદ્યપિ બેય ભેગા ન થઈ શકે પણ એ જ મોટી વિશેષતા છે. અંધકાર અને પ્રકાશ એક સાથે રહી શકે જ નહીં કેટલી અસંભવ વાત છે. દેહ અને આત્માની એકતા એટલી જ અસંભવ વાત છે. બંનેને એક કરી દીધા તેનું કારણ છે અધ્યાસ. જો એની નિવૃતિ થઈ જાય તો બંને અલગ લાગે. જેમ આપણે રૂમની અંદર છીએ પણ રૂમથી જુદા છીએ બસ એમ જ આત્મા. આ દેહથી જુદો છે. જેના આધારે આ સંસાર ટકી રહ્યો છે એને બ્રહ્મ કહેવાય.

**જેને આધારે સૌ રહ્યું, પિંડ અને બ્રહ્માંડ,**
**સચરાચર શોભી રહ્યો, અવિનાશી અખંડ,**
**સાંભળ શુદ્ધ ચિત્તે કરી.**
**અજો નિત્યઃ શાશ્વતોયં પુરાણો**
**ન હન્યતે ન્યમાને શરીરે.**

જે અજ છે, શાશ્વત છે, પુરાણ છે, નિત્ય છે અને આ શરીરનું હનન થતું નથી. હનન એટલે હણવું. શરીરનો શસ્ત્રાદીથી નાશ થઈ શકે છે. બ્રહ્મની સાથે એક **'પરમમ્'** શબ્દ એટલા માટે લગાડયો કે શરીરથી જુદુ તત્ત્વ એને આપણે જીવ પણ કહીએ છીએ. જેને આપણે નખથી લઈએ શીખા પર્યંત અનુભવીએ છીએ. જીવ પણ અક્ષર છે. શરીર બદલાય જાય પણ જીવ એનો એ કહે છે. તો એવો પ્રશ્ન થાય કે જીવ અને બ્રહ્મ બે હશે ? તો બે ઉપાધીકૃપ ભેદ છે.

આપણે ત્યાં આચાર્યોએ કહ્યું છે કે આકાશ બધી જગ્યાએ છે પણ કુંભાર ઘડો બનાવે અને ઘડાની અંદર આકાશ આવૃત થઈ જાય તેને ઘટાકાશ કહેવામાં આવે અને કયાં સુધી કહેવામાં આવશે ? ઘડાનું અસ્તિત્ત્વ છે ત્યાં સુધી ઘટાકાશ કહેવાશે. ઘડો ફુટી જાય તો ક્યાં જાય ? ... મહાકાશમાં ભળી જાય તો મહાકાશ પેલા હતું, ઘડો હતો ત્યારે હતું અને ઘડો નાશ પામે ત્યારે પણ... એ ઘટાકાશ મહાકાયથી જુદુ નથી એમ એ બ્રહ્મથી જુદો નથી. જેમ ઘટાકાશમાં ઘડાએ જેટલા આકાશને ઘેર્યુ તેને ઘટાકાશ કહેવાય. એમ અહીં અંતઃકરણ જેટલા ચૈતન્યને ઘેર્યુ તેને જીવ કહેવાય છે. એ જીવ ભાવ ત્યાં સુધી જયાં સુધી અંતઃકરણ છે. અંતઃકરણ સમાપ્ત થઈ જાય તો અજ્ઞાન નષ્ટ થઈ જાય. અવિદ્યા દુર ન થાય ત્યાં સુધી જીવ ભાવ દૂર ન થાય. અવિદ્યા દૂર કરવા માટે જ પ્રયત્ન કરવાનો છે. બ્રહ્મ તો પેલેથી છે જ. અંતઃકરણનો નાશ થઈ જાય તો જીવભાવ નાશ પામે અને તે બ્રહ્મભાવને પામે છે. જેમ બિંબરૂપ સૂર્ય એક છે પણ ૧૦૦૦ કૂંડા પાણીના હોય તો બધામાં પ્રતિબિંબ પડે છે તો સૂર્ય એક હોવા છતાં તે ૧૦૦૦ રૂપથી દેખાય તેનું કારણ કૂંડા છે અને તે બધા ફુટી જાય ત્યારે સૂર્યને કોઈ નુકસાન થાય ? **'એકદા બહુધાશ્ચૈવ દ્રશ્યતે જલચંદ્રવત્'.**

એમ એક જ બ્રહ્મ-પરમાત્મા અનંત જીવ રૂપથી પ્રતિબિંબ દેખાય છે. બ્રહ્મને માટે કોઈ સાધના નથી તે તો પેલેથી છે જ.

તો પરમ કૃપાળુ પરમાત્મા પાસે એવી પ્રાર્થના કરીએ કે આપણે બધા ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યના ભાગી બનીએ અને કલ્યાણ કરીએ તથા અંતઃકરણ શુદ્ધ કરીને પરમાનંદ સ્વરૂપની પ્રાપ્તી કરીએ....

# પરમાત્માને પંથે

હંસાબેન બી. સુરત
(ચોગઠ)

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

આપણને ઘણાં જન્મના પુણ્યે આવો મનુષ્ય જન્મ મળ્યો છે. તો આ મનુષ્ય જન્મમાં પરમાત્માનાં દર્શનની તમન્ના છે. તો પ્રભુના દર્શન માટે આપણા ઘણા જન્મો પણ ચાલ્યા ગયા છે. બધાં જન્મ તો કર્મ અનુસાર મળે છે. પણ એક મનુષ્ય જન્મમાં જ ભગવાનને મેળવવાનો અવસર છે. પરમાત્માના દર્શન કરવા તે દુર્લભ છે ને જયારે પરમાત્માના દર્શન થાય ત્યારે શાન્તી મળે પણ જુઓ જેને ભગવાનની તમન્ના હોય તેને નહીંતર તો ઘણાએ પૈસાની પાછળ દોડ મૂકી છે. કે પૈસો જ મારો પરમેશ્વર અમેજ કાંઈક છીએ આ બધા તો અમથા ગલંદા મારે છે ને પૈસા થાઈ એટલે બસ અમી તો મોટા ના..ના.. ભાઈએ મોટા નથી કઈકના ગળા કાપીને કઈકના ખીચા કાપી પાપનો પૈસો ભેગો થયો છે. ભાઈ મેં કર્યુ મેં કર્યુ ન કર આતો સંસારનો માયાનો ખેલ છે. કયારે અમીર તો કયારે ગરીબી આતો ચક્ર ચાલે છે. પણ આમાંથી નીકળી પ્રભુનો પંથ ગોતવો તે મોટામાં મોટી અમીરી પણ જયારે આપણને પરમાત્માના દર્શન થાય ત્યારે શાન્તી મળે છે. જુવો પરમાત્મા ના કોય સ્વરૂપમાં દર્શન થતા નથી. પણ જયારે ગુરૂજીની અમીદ્રષ્ટી થાય ત્યારે પરમાત્મા તો આપણા હૃદય મંદિરમાં શાશ્વત બિરાજમાન છે. તેને ખોળીને બતાવે છે ત્યારે અઢળક શાંતિ મળે છે. કહીએ શીયેને કે પરમાત્મા કયાં છે ? પરમાત્મા હૃદયમાં જ છે. તેને કયાય ગોતવા જવાના નથી કે કયાય ખરીદવાના નથી એ તો આપને આપ મેળે જ મળેલા છે. પણ જુઓ આપણે પૂર્વનું કંઈક ભાતુ બાંધ્યું હશેને પૂજ્ય ગુરૂજી મહારાજની કૃપા હશે તો જરૂરને જરૂર શાન્તીના સ્વરૂપમાં પરમાત્મા મળશે. પણ આપણે ઘણા જન્મથી સુતા છીએ પણ આપણને સત્કર્મને લીધે અત્યારે આ સમયમાં પૂર્વના પુણ્ય કર્મે પૂજ્ય વંદનીય પરમ પૂજ્ય ગુરૂજી મળ્યા અને આપણને ભવની નિદ્રામાંથી જગાડી દીધા છે. કહ્યું છે કે (હૈયાના હીંડોળે મારા ગુરૂજી બિરાજે) ને આપણને પ્રભુ પંથ પામવાની કેડી બતાવી દીધી હો ! ભાઈ તો આ કેડીએ ચાલવું જરૂરી છે. તો જો તું બતાવેલી કેડીએથી આ મન પાછું પડશે તો જરૂરને જરૂર આ જીવાત્માને ભવના બંધનમાં જવુ પડશે પડશે ને પડશે. ચોરાશીમાં જીવ પાછો રમણ કરી રહેશે. માટે આ મહા મૂલ્લો અવસર આવ્યો છે. તો તેમાંથી પાર પડવું જરૂરી છે. નહીતર કહ્યું છે ને (હું હું કરી હરી નહી મળે ટળે નહી દેહ અભિમાન હું કાઢી હરી ભજો તો જીવન નૌકા પાર) ને મનને વારી વારી સમજાવવું હે મન તું ઘણા સમયથી ભટકે છે. તું હવે સમજ આ જીવને મારા ગુરૂજીના શરણમાં રહેવા દેને આવતા જન્મને સુધારવા દે હે હઠીલા મન હવે કયાય વેગ ન પકડ બસ પ્રભુનો પંથ જ પામવો છે. તે ખુબ ખુબ ઉથામા કર્યા છે. જયા ત્યાં ઠોકરો ખાધી તો બસ એક જ નામ મારા ગુરૂજીનું શરણ પણ બસ હવે જ્ઞાન ગંગામાં નહાવા દે આ શરીરને ખુબ ખુબ મોજ શોખ કરાવ્યા નાચ નચાવ્યા નવરાવ્યુ ખવરાવ્યુ તો હવે ગંગાજીમાં આ શરીરને સ્નાન કરાવી ચોખ્ખું બનાવીએ અને સત્સંગથી મનનો મેલ કાઢી ચોખ્ખું બનાવીયે આજ સાચો પ્રભુને પામવાનો ધ્યેય આપણે બધુ જ કરવાનું કામ ધંધો, ઘર વહેવાર બાળકોની સંભાળ બધુ જ કરવાનું પણ સાથો સાથ આપણા ગુરૂજીએ આપેલા મંત્રનો સતત જપ કરવો બસ તેમાં એક મન રાખી મનની દ્રઢતા શ્રદ્ધા વિશ્વાસ તો આપો આપ પ્રભુની કેડી મળી જશે ને સ્વયંમ પ્રભૂના દર્શન થશે. તેને કયાય બહાર ગોતવાની જરૂર નથી આ પંચભૂત શરીર રૂપી નગરમાં જ સ્વયં હાજર જ છે. જે પ્રભૂએ આપ્યું તેમાં સંતોષ માનવો એ જ સાચી ભક્તિ જયાં સુધી સંસારના વિષયોમાં સુખની ભ્રાન્તિ છે ત્યાં સુધી ભક્તિ થતી નથી પણ પૂરા ભાવથી ગુરૂ સ્મરણ સાચો ભાવ હશે તો જ ભજનમાં આનંદ આવશે. પરમાત્માનું ધ્યાન કરવાથી મન શુદ્ધ થાય છે. અને દાનથી પણ મનની શુદ્ધિ થાય છે. માટે સાથો સાથ દાન પણ કરવુ આપણે તો ગંગાજીમાં ખૂબ ખૂબ સ્નાન કર્યુ. ઘણા ઘણા કુંભ પર્વ કર્યા તો આપણને કેમ પરમાત્માનો આનંદ તો તેજ મળ્યો તો આજ મોટી મનની અવળાઈ છે. પણ હું હું ને હું મનમાંથી ગયુ નથી અમે આમ કર્યું અમે આટલી સેવા કરી અમે તો પેલા આવ્યા હતા અમે તો સ્વામીજીના કપડા ધોઈએ છીએ રાંધીએ અમે તો કયાંક બસ આજ મનની મોટાઈ અરેરે આમ નથી રે ઢોંગી ભાઈ પ્રભુને મળવું તે તો મહાનતા છે.

**જય સચ્ચિદાનંદ**

## કીર્તન

પાર્વતીબેન ભુપતભાઈ સાસપરા
(અઘેવાડા)

રાગ :- ગરબાનો (વૃંદાવન બાગ રળીયામણો રે)

ગુરૂ પૂર્ણીમા દીન આવ્યો રે,
ભક્તોને મન બહુ ભાવ્યો મારા વ્હાલા.....ગુરૂ
નમન કરૂ છુ ગુરૂદેવ ને રે
ગુરૂ ચરણોમાં પ્રણામ મારા વ્હાલા.....ગુરૂ
આસન અંતરના પાથરૂ રે
ગુરૂ મૂર્તિ પધરાવું મારા વ્હાલા.....ગુરૂ
થાળ પૂજન નો સજાવ્યો રે
પૂજન કરવાને આવ્યો મારા વ્હાલા.....ગુરૂ
સતની સામગ્રી લાવ્યો સાથ મા રે
ક્ષમતાના નીર ભરી લાવ્યો મારા વ્હાલા.....ગુરૂ
ગુરૂપૂજન કરૂ હું પ્રેમથી રે
ચરણો ધોઈ લઉ ચરણા મૃત મારા વ્હાલા.....ગુરૂ
શ્રદ્ધા ભક્તિ સમા સરળતાર
પ્રેમ પ્રકાશ પંચામૃત મારા વ્હાલા.....ગુરૂ
ચંદન છે શુધ્ધ ચીત્ત ના રે,
ધૈયાના ધૂપ ધરાઉ મારા વ્હાલા.....ગુરૂ
ચોખા ચડાઉ શાંતિ સ્નેહના રે,
આનંદ મોતીડે વધાવુ મારા વ્હાલા.....ગુરૂ
સત્વગુણ અબીલ ગુલાલ છે રે
પ્રેમના પુષ્પની માળા મારા વ્હાલા.....ગુરૂ
દયાના દીપ પ્રગટાવ્યા રે,
એકતાની આરતી ઉતારૂ મારા વ્હાલા.....ગુરૂ
પ્રેમ તણો પ્રસાદ છે રે,
ક્ષમતાના આચમન કરાવુ મારા વ્હાલા.....ગુરૂ
મુખવાસ કરાવુ પૂરણ ભાવના રે,
આનંદ આનંદ ઉભરાય મારા વ્હાલા.....ગુરૂ
ગુરૂ પૂર્ણીમા દીન આવ્યો રે...

## કીર્તન

ઘેલાણી રંજનબેન એ.
ભાવનગર

ગમે તે સ્વરૂપે ગમે ત્યાં બિરાજો,
ગુરૂ મારા વંદન, પ્રભુ મારા વંદન..... ટેક...

ભલે ના નિહાળુ નજરથી તમોને
મળે ગુણ તમારા સફળ મારું જીવન
હૃદયમાં બિરાજો દિવ્ય દ્રષ્ટિ આપો
ગુરૂ મારા વંદન, પ્રભુ મારા વંદન..... ગમે...

હું બિંદુ છું તમો સિંધુ કહાવો
અવિનાશી અખંડ રહો આ જગતમાં
જયાં નજર નાંખુ ત્યાં તમોને નિહાળુ
ગુરૂ મારા વંદન, પ્રભુ મારા વંદન..... ગમે...

કિરણ મળે મારા મનના દિપકને
તમે તેજ આપોને જલે એવી જયોતિ
જયોતિ જલાવો અખંડ આનંદ આપો
ગુરૂ મારા વંદન, પ્રભુ મારા વંદન..... ગમે...

# જય સચ્ચિદાનંદ...

## કીર્તન


નરશીભાઈ વાલજીભાઈ વઘાસીયા
(પીપળીયા)

આટલી વિનંતી મારા ગુરુજી સુણજો,
સેવકની વિનંતી રૂદયે લેજો... વિનંતી...
મોહમાયાની જાળમાં બંધાયો,
એ જાળમાંથી મુક્તિ અપાવશો... વિનંતી...
ભવસાગરના ભટકણમાં ભટકયો,
નાવિક બનીને ઉગારો... વિનંતી...
મન મારું મોહ-માયામાં ભટકે,
મનને ભટકતું રોકો... વિનંતી...
કાવા-દાવાને કુકર્મો કિધા,
કુકર્મોની કુટેવ છોડાવો... વિનંતી...
માતા-પિતા અને ગુરુની સેવા,
સેવા કરવાની લગની દેજો... વિનંતી...
અનેક જન્મોથી ભૂલ કરું છું,
સેવકની ભૂલ સુધારશો... વિનંતી...
સેવા-પૂજા હું કાંઈ ન જાણુ,
અવગુણ હૈયે નવ ધરશો... વિનંતી...
હું રે અપરાધી કાંઈ ન સમજયો,
કોલ દઈને ભૂલી ગયો... વિનંતી...
સેવક "નરશીદાસ" કહે કરજોડી,
કુમતિ કાપી સુમતિ દેજો... વિનંતી...




તા. ૧૬/૦૭/૨૦૧૫ પુરૂષોત્તમ માસ અધિક અષાઢ વદ અમાસના શુભ પ્રસંગે ન્યુ એરોડ્રામ રોડ, પટેલ પાર્ક, ભાવનગર. શ્રી માધવાનંદ આશ્રમમાં સદ્‌ગુરૂ ભગવાનને અણકોટ ધરાવી આરતી-ભજન-કીર્તન કરતા સેવક સમુદાય.

# સત્સંગ સમાચાર



### પ.પૂ. મહંત સ્વામીશ્રી પ્રકાશાનંદ ગિરિજી મહારાજનો કાર્યક્રમ

- તા. ૧૩-૮-૨૦૧૫ થી એક માસ ન્યુ ઝુસી રોકાણ કરશે.
- સ્થળ :- યોગાનંદ આશ્રમ, પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ, ગંગા રેલ્વે પુલની પાસે, મુ. ન્યુ ઝુસી, ઈલાહાબાદ, યુ.પી. ફોન. ૦૫૩૨-૨૫૬૮૯૪૯, મો. ૦૯૮૩૯૬ ૪૩૭૮૨



### પ.પૂ. સ્વામીશ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યનું ચાતુર્માસ તા. ૩૧-૭-૧૫ થી તા. ૨૮-૯-૧૫ સુધી હરિદ્વાર મુકામે રાખેલ છે.

- ગુરૂગીતા પાઠ :- સવારે ૬.૦૦ વાગ્યે
- સ્વાધ્યાય :- સવારે ૬.૩૦ થી ૭.૩૦
- વિષય :- વિવેક ચૂડામણી
- સત્સંગ પ્રવચન :- વિષય - ગુરૂજીની જીવનમાં અનિવાર્યતા શા માટે ? ગુરૂની વિશેષતા શું ?
- રાત્રે ૮.૦૦ થી ૯.૦૦ પ્રાર્થના-ભજન-કીર્તન.



### પ.પૂ. સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યનું ચાતુર્માસ શ્રી માધવાનંદ આશ્રમ-ચાણોદમાં રાખેલ છે.

- તા. ૩૧-૦૭-૨૦૧૫ થી તા. ૨૮-૦૯-૨૦૧૫ સુધી સવારે શ્રી ગુરુગીતાનો પાઠ - પ્રવચન સાંજે ભજન સત્સંગ પરંપરા પ્રમાણે થશે.
- સ્થળ : મુ. ચાણોદ, તા. ડભોઈ, જી. વડોદરા. ફોન : ૦૨૬૬૩ ૨૩૩૩૬૨
- નોંધ : ચાણોદ આવતા પહેલા ફક્ત ફોનથી જાણ કરવા વિનંતી.




### પ.પૂ. બ્રહ્મચારીશ્રી જયાનંદજી મહારાજનો કાર્યક્રમ

- તા. ૩૧-૦૭-૨૦૧૫ થી તા. ૨૮-૦૯-૨૦૧૫ સુરત શહેરમાં ચાતુર્માસ થશે.
- સવારે ૬.૦૦ થી ૬.૪૫ શ્રી ગુરુગીતાનો પાઠ
- સવારે ૬.૪૫ થી ૭.૨૫ પ્રવચન, વિષય શ્રી ગુરુગીતા
- બપોરે ૩.૩૦ થી ૪.૦૦ સુધી ભજન-કીર્તન
- બપોરે ૪.૦૦ થી ૫.૦૦, પ્રવચન-વિષય શ્રીમદ્ ભાગવત મહાપુરાણ
- બપોરે ૫.૦૦ થી ૫.૩૦ આરતી તથા શ્રી શિવ મહિમ્નઃ સ્તોત્ર
- સ્થળ - શ્રી માધવાનંદ આશ્રમ, કરાડા ગામ, તાપી કીનારે, સુરત.

વેબસાઈટ : www.omshreemadhavanandji.org

## પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનો ચાતુર્માસનો કાર્યક્રમ



- તા. ૩૧-૭-૨૦૧૫ થી તા. ૨૮-૯-૨૦૧૫ સુધી વસ્તડી ધામમાં **(સ્વામી શ્રી માધવાનંદજી મહારાજશ્રીનું જન્મ સ્થળ)** ચાતુર્માસ દરમ્યાન રોકાણ કરશે.

### ચાતુર્માસ દરમ્યાન સત્સંગ કાર્યક્રમ

- સવારે : ૬ કલાકે શ્રી ગુરૂગીતાનો પાઠ
- બપોરે : ૩:૩૦ થી ૪:૦૦ ભજન કીર્તન
- સાંજે : ૪:૦૦ થી ૫:૩૦ પ્રવચન - આરતી
- રાત્રે : ૮:૩૦ થી ૧૦:૦૦ પ્રાર્થના - પ્રવચન

### સંપર્ક સુત્ર


| | | | |
|---|---|---|---|
| ગોહિલ અજીતભાઈ | ૯૮૨૫૫ ૯૦૨૮૦ | ગોહિલ મોબુભાઈ | ૯૮૭૯૩ ૭૨૫૨૨ |
| ગોહિલ દાદુભાઈ | ૯૯૭૯૪ ૪૪૧૯૯ | ગોહિલ છગનભાઈ | ૯૯૦૯૧ ૭૪૪૩૩ |
| ચૌહાણ પ્રભુભાઈ | ૯૯૦૯૧ ૨૫૪૮૮ | ગોહિલ એ. જી. | ૯૮૨૫૨ ૬૨૫૩૬ |

### સ્થળ

**શ્રી માધવાનંદ આશ્રમ, બગોદરા-રાજકોટ, હાઈવે રોડ, મુ. વસ્તડી, વાયા-વઢવાણ, જિ. સુરેન્દ્રનગર.**

**ખાસ નોંધ** ચાતુર્માસ દરમિયાન રોકાણ કરવા ઈચ્છા ધરાવતા સેવક ભાઈ-બહેનોએ ટેલીફોનથી જાણ કરવી જેથી તેઓને રહેવાની યોગ્ય વ્યવસ્થા થઈ શકે.

---



### પ.પૂ. સ્વામીશ્રી ભુમાનંદસાગરજી મહારાજ વેદાન્તાચાર્યનું ચાતુર્માસ સુઘડ મુકામે રાખેલ છે.

- તા. ૩૧-૦૭-૨૦૧૫ થી તા. ૨૮-૦૯-૨૦૧૫ ચાતુર્માસ દરમ્યાન સુઘડ (ગાંધીનગર), આંતરરાષ્ટ્રીય શ્રી માધવાનંદ આશ્રમમાં કથા-પ્રવચન પરંપરા મુજબ થશે.
- સ્થળ : આંતર રાષ્ટ્રીય શ્રી માધવાનંદ આશ્રમ-નભોઈ, ઈન્દીરા બ્રીજ સેક્ટર નં.-૭, નર્મદા મેઈન કેનાલ પાસે, કોબા સર્કલ મુ. પોસ્ટ, નભોઈ, તા.જી. ગાંધીનગર-૩૮૨૪૨૪, ફોન : ૦૭૯-૨૩૨૭૬૧૫૧



પુરૂષોત્તમ માસમાં તા ૧૨/૦૭/૨૦૧૫નાં રોજ શ્રી માધવાનંદ આશ્રમ કરાડા ગામ સુરત મુકામે
પ.પૂ.શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય ના સંત્સંગનો
લાભ લઈ ભક્તિમાં તરબોળ થયેલ ૬૦૦૦ (છ હજાર) સેવક સમુદાય.

: સૌજન્ય :


**NIHAR DENTAL CARE**
helping hands

DR. CHINTAN G. BOGHARA
B.D.S.
Consultant Implantologist
Mo.: 098255 42439
Time : 9.30 am. to 1.00 pm.

DR. ANMOL PATEL
B.D.S.
Mo.: 097264 11323
Time : 5.00 pm. to 9.00 pm.

Implant & Laser Center

Email : nihar.dentalcare@gmail.com

1st Floor, F-23/24, Sanidhya Complex,
Opp. Nana Varachha Chowpati, Nana Varachha, Surat-395006.

**AESTHETIX DENTAL CARE**
more than just a healthy smile

Mobile: +91 9687440469
Email: dr.chintan@aesthetixdentalcare.com

17, Nakshatra Apartment, Opp. Western City, Nr. L. P. Savani Circle, Surat - 395009

Nihar Dental Care
1st Floor, F-23,24, Sanidhya Complex,
Opp. Nana Varachha Chopati, Nana Varachha, Surat-06

REGISTERED UNDER RNI NO. GUJ.GUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2016
POSTAL REGI. NO. SRT-771/2014-16
POSTED AT SURAT RMS ON 5th OF EVERY MONTH

**Printed Book**



પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યની અધ્યક્ષતામાં તા.૨૦/૦૭/૨૦૧૫ સોમવારના શુભ દીને વામજ ગામે નુતન શ્રી માધવાનંદ આશ્રમની સ્થાપના કરવામાં આવી તેમજ સ્વામી શ્રી માધવાનંદજી મહારાજશ્રીના ફોટાની તેમજ માધવ પીઠાધિશ્વર સ્વામીજી મહારાજ તથા સંતોની શોભાયાત્રા તથા સદ્‌ગુરૂ ભગવાનનું પૂજન કરીને ફોટો પધરાવવામાં આવ્યો

**BOOK POST**

પૃષ્ઠ ૨૪

**If Not Delivered Please Return To :-**

: મુખ્ય કાર્યાલય :
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
"વેદ રહસ્ય કાર્યાલય"
શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ００૪.
ફોન નં.:– ０૨૬૧ ૨૫૩૪૬૧０

Published by Laxmanbhai Jerambhai Sonani on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1-Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published form Sachchidanand Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Devrajbhai Valjibhai Vaghasiya.

Price per Copy Rs. 50/-